**સુવિચાર**
સુખ આવે ત્યારે છકી ન જવું અને દુઃખ આવે ત્યારે હિંમત ન હારવી. નમ્રતા અને ઈમાનદારી હેમખેમ રાખવી.
:: સૌજન્ય ::
**નિલકંઠ જ્વેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૮/૦૧/૨૦૨૪, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ્ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ પોષ વદ-૩ વર્ષ : ૧૫ અંક : ૦૪૦

## જિલ્લા કલેક્ટર અજય દહિયાનાં અધ્યક્ષ સ્થાને

# બાબરા ખાતે જિલ્લાકક્ષાનાં ૭૫ માં ગણતંત્ર દિનની ઉજવણી

લોકોથી લોકો માટે અને લોકો દ્વારા ચાલતી ગરિમાપૂર્ણ શાસન વ્યવસ્થાથી લોકશાહી ગૌરવવંતી બની

સરકારી યોજનાઓનો લાભ છેવાડાનાં લોકો સુધી પહોંચ્યો : જિલ્લા કલેક્ટર

ઉત્કૃષ્ઠ કામગીરી કરનાર અધિકારીઓ, કર્મચારીઓ, ખેલાડીઓ અને વિદ્યાર્થીઓનું સન્માન

બાબરા તાલુકાનાં વિકાસ માટે રૂપિયા ૨૫ લાખનો ચેક કલેક્ટર દ્વારા પ્રાંત અધિકારીને અર્પણ



અમરેલી, તા. ૨૭
અમરેલી જિલ્લાકક્ષાના ૭૫ માં પ્રજાસત્તાક પર્વ–દિનની ઉજવણી જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષસ્થાને બાબરા સ્થિત કમળશી હાઈસ્કૂલ ખાતે સંપન્ન થઈ હતી. જિલ્લા કલેકટરના હસ્તે ધ્વજવંદન કરવામાં

(અનુસંધાન પાના ૬ ઉપર)

Aikyam ન્યુરો સાઈકીયાટ્રી હોસ્પિટલ
ડૉ. વિવેક પી. જોષી M.B.,D.P.M./F.I.P.S.
■ શું આપને ઉદાસી રહે છે ? ■ રડવું આવે છે ?
■ ગમતુ નથી ? તો તે ડિપ્રેશન રોગનું લક્ષણ હોય શકે છે.
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ
સ્થળ : પરમ કોમ્પ્લેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૪૨૨૪ - મો.નં. ૯૭૩૭૦ ૨૮૧૮૧
કિલનીક સમય : સોમ થી શનિ - સવારે ૯ થી ૧ અને સાંજે ૫ થી ૮

NATIONAL INSTITUTE OF OPEN SCHOOLING
(N.I.O.S)
ધો. ૧૦/ધો. ૧૨
સામાન્ય પ્રવાહ / વિજ્ઞાન પ્રવાહ
એડમીશન માટે સંપર્ક : 94272 49256
શ્રી તુન્ની વિદ્યામંદિર
જેશીંગપરા, રંગપુર રોડ, અમરેલી.-૩૬૫૬૦૧

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ
આજનો ૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ (૧૦ ગ્રામ)
55,500/-
અમરેલી
વધુ માહિતી માટે : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

ચણીયા ચોલી રેડીમેઈડ તેમજ મટીરીયલ્સ & ક્રોપટોપ
■ ફેન્સી બ્લાઉઝ તેમજ દુપટ્ટા
■ જેન્ટ્સ ઝભ્ભા મટીરીયલ્સ/રેડીમેઈડ
■ ડીઝાઈનર બ્લાઉઝ મટીરીયલ્સ
■ લેડી કમ્ફર્ટ પેન્ટ તેમજ લેગીઝ
કોન્ટેક્ટ : હર્ષલ મશરૂ
મો. ૮૯૮૦૦૮૩૩૧૦
અતિયાધુનિક મેચીંગનો એકમાત્ર પર્યાય એટલે...
સિંગાર મેચિંગ
મીરા આર્કેડ, ગ્રાઉન્ડ ફ્લોર, એસ.બી.આઈ. બેંક સામે, લાઈબ્રેરી રોડ, અમરેલી.

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
જુના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જયુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે ૫ થી ૮

॥ सर्वे सन्तु निरामयाः ॥
શુભારંભ
સહર્ષ ખુશાલી સાથ જણાવવાનું કે અમારા કુળદેવીશ્રી ઉમિયા માતાજીની અસીમ કૃપાથી અમારી હોસ્પિટલ
શિવ હોસ્પિટલ
ડૉ. રાજેશ ડી. પરવાડિયા (M.D. Medicine)
ના નામથી શુભારંભ કરવા જઈ રહ્યા છીએ. ઈશ્વરકૃપા તથા આપ સૌના આશીર્વાદ સાથે શરૂ થતા અમારા આ શુભારંભ સમયે આપની હાજરી અમારું પ્રેરકબળ બની રહેશે.
તારીખ
૨૮-૦૧-૨૦૨૪, રવિવાર. સવારે ૯:૦૦ કલાકે
સ્થળ
પરમ હાઇટ્સ, પહેલો માળ, બસ સ્ટેશન પાસે, સીટી પોઇન્ટ કોમ્પ્લેક્ષની સામે, અમરેલી.
નિમંત્રક
ડો. રાજેશ ડી. પરવાડિયા (M.D. Medicine)
Hospital Appointment
9925 282 282

## ચમારડીનાં વતની અને સુરત સ્થિત ભામાશા ગોપાલ વસ્તરપરાનાં સહયોગથી

# જય સરદાર : વડિયા પંથકનાં ૧૦ ગામોમાં સરદાર પટેલની પ્રતિમાનું થયું સ્થાપન

**ચારણીયા, બરવાળા બાવળ, ભૂખલીસાંથલી, ખજુરી, તરઘરી, ખાખરીયા, સુર્યપ્રતાપગઢ, ઉજળા અને સનાળી ગામે કાર્યક્રમ યોજાયો**

**અમરેલી જિલ્લા સહિત સમગ્ર ગુજરાત અને દેશમાં ૫ હજાર જેટલી પ્રતિમાઓનું સ્થાપન કરવામાં આવશે**

**જિલ્લાનાં લગભગ ૨૦૦ જેટલા ગામોમાં સરદાર પટેલની પ્રતિમાનું સ્થાપન કરીને ઈતિહાસ સર્જી દીધો**

**સરદાર પટેલની પ્રતિમાનાં સ્થાપન સમયે ડો. આંબેડકરની પ્રતિમાને પણ પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી**



અમરેલી, તા. ૨૭

વડિયા–કુંકાવાવ પંથકનાં ૧૦ ગામોમાં ૨૬મી જાન્યુઆરીએ ચમારડીનાં વતની અને સુરત સ્થિત ભામાશા ગોપાલભાઈ વસ્તરપરાનાં સહયોગથી સરદાર પટેલની પ્રતિમાનું સ્થાપન ઉત્સાહભેર કરવામાં આવ્યું. તો જે ગામમાં ડો. બાબાસાહેબની પ્રતિમા હોય ત્યાં પુષ્પાંજલિ પણ અર્પણ કરવામાં આવી.

વડિયાનાં ચારણીયા, બરવાળા બાવળ, ભુંખલી સાંથલી, ખજુરી, તરઘરી, ખાખરીયા, સુર્યપ્રતાપગઢ, ઉજળા અને સનાળી ખાતે ગામજનો, મહિલાઓ અને આગેવાનોની ઉપસ્થિતિમાં "જય સરદાર"નાં નાદ સાથે સરદાર પટેલની પ્રતિમાનું સ્થાપન ભામાશા ગોપાલભાઈ વસ્તરપરા ધ્વારા કરવામાં આવ્યું અને તમામ ગામોમાં ખુશીનો માહોલ છવાયો હતો. આ તકે છગનભાઈ ઢોલરીયાપણ સાથે જોડાયા હતા.

અમરેલી જિલ્લામાં ગોપાલભાઈ વસ્તરપરા ધ્વારા ૨૦૦થી વધુ ગામોમાં સરદાર પટેલની પ્રતિમાનું સ્થાપન તો થયું છે પરંતુ સમગ્ર ગુજરાત અને દેશનાં મધ્યપ્રદેશ સહિત અન્ય રાજયોમાં પણ ક્રમશઃ સરદાર પટેલની પ્રતિમાનું સ્થાપન કરવામાં આવી રહ્યું છે. જેઓ ૫ હજાર સ્થળોએ સરદાર પટેલની પ્રતિમાનું સ્થાપન કરવાનો સંકલ્પ ધરાવે છે.

### રાષ્ટ્રધ્વજને વંદન, રાષ્ટ્રગીત સાથે થઈ ઉજવણી

## કુંકાવાવ : મોટા ઉજળાા ગામે ૭૫માં પ્રજાસત્તાક દિનની ઉત્સાહભેર ઉજવણી

**પ્રાથમિક શાળાનાં નવા ઓરડાનું થયું લોકાર્પણ**



તસ્વીર : રાજુ યાદવ–કુંકાવાવ

કુંકાવાવ, તા. ૨૭

કુંકાવાવ પાસેનાં મોટા ઉજળા ગામે ૭૫ માં પ્રજાસતાક દિનની ઉજવણી સાથે પ્રાથમિક શાળાનાં નવા પાંચરૂમનું લોકાપણ નાની એવી તમામ સમાજની બાળાઓનાં હસ્તે લોકાપર્ણ કરવામાં આવ્યું હતું. આમ લોકાપણની વિષેશતાએ હતી કે શાળાનાં પાંચરૂમોનું લોકાપર્ણ અમરેલી જિલ્લામાં પ્રથમ ઘટના છે કે કોઈપણ અધિકારી કે પદાઅધિકારીના હસ્તે નહી પણ શાળાની પાંચ દીકરી જનરલ , ઓબીસી , એસ.ટી.અને વિકલાંગ બાળાનાં હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગ ગ્રામ પંચાયતનાં સરપંચ વિપુલભાઈ ખીમાણી, ઉપસરપંચ તલાટી કમ મંત્રી જયદીપ સોલંકી તથા સદસ્યની હાજરીમાં સુંદર રીતે આયોજન સાથે પ્રજાસતાક દીનની ઉજવણી સાથે શાળાની સુવિદ્યા માટે બનેલ પાંચ જેટલા રૂમોનું લોકાપર્ણનો કાર્યક્રમ યોજાયો હતો.

## વીજપડી ખાતે ૭૫માં સ્વાતંત્ર્ય પર્વની ઉત્સાહભેર ઉજવણી



તસ્વીર : સમીર ખોખર–વીજપડી



વીજપડી, તા. ૨૭

સાવરકુંડલાનાં વીજપડી ગામે ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિન પર્વની ઉજવણી કરવામાં આવેલ વીજપડી શ્રી ગાયત્રી વિદ્યાલય ખાતે ધ્વજવંદન ડો.હડીયા દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમ વિધાલય ટ્રસ્ટના પ્રમુખ તેમજ વીજપડી ગામનાં પૂર્વ સરપંચ ખીમજીભાઈ ગુર્જરની આગેવાનીમાં શાનદાર ઉજવણી કરવામાં આવી. સવારમાં પ્રભાત ફેરીમાં વિધાર્થીઓએ ભારત માતા કી જય, વન્દે માતરમ, તેમજ રાષ્ટ્ગીતથી ત્યારબાદ રાષ્ટ્ ધ્વજવંદન તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામા આવેલ હતાં. વીજપડી ગામ નાં આગેવાનો તેમજ વીજપડી આઉટ પોસ્ટ પોલીસ સ્ટાફના અધિકારીઓ પધારેલ હતાં. વીજપડી શ્રી ગાયત્રી વિદ્યાલયના શિક્ષકગણનાં આયોજનથી વિધાર્થીઓ એ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો વિધાર્થીઓએ પોત પોતાના પર્ફોર્મ પણ સુંદર રીતે નીભાવેલ હતા.

### ગૌરવસમા સિંહોને પાણી–ખોરાકની સુવિધા જરૂરી

## ધારીનાં ખોડિયાર જળાશય નજીક સફારી પાર્કની બહાર ૫ થી ૬ સિંહોના આંટાફેરા

**સમગ્ર ઘટનાનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ**

અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લાના ગીરકાંઠાના વિસ્તારોમાં અતિ કિંમતી એવા એશિયાટીક સિંહોના ટોળા પાણી અને ખોરાકની શોધમાં આમથી તેમ આંટાફેરા મારી રહ્યાંનાં દ્રશ્યો હવે સામાન્ય બન્યા છે. ત્યારે આવા એશિયાટીક સિંહો ધારી નજીક ખોડિયાર જળાશય નજીકમાં આવેલ સફારી પાર્કની બહાર ૫ થી ૬ જેટલા સિંહનુ ટોળુ જોવા મળ્યું હતુ. જેને લઈ સિંહોના ટોળા પાછળ આવતી એસ.ટી. બસ થંભી ગઈ હતી. આ ઘટનાનો વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો છે.



આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ ધારી ગામ નજીક આવેલ ખોડિયાર જળાશય નજીકમાં આવેલ સફારી પાર્કની બહાર ૫ થી ૬ જેટલા સિંહનું ટોળું જોવા મળ્યું હતું. જેને લઈ સિંહોના ટોળા પાછળ આવતી એસ.ટી. બસ થંભી ગઈ હતી. એક તરફ સિંહોનું ટોળુ આવતુ હોય તો બીજી તરફ એક શ્વાન સિંહના ટોળા સામે ભાસતો હોય તેવો સિંહો અને શ્વાનનો અદભુત વિડીયો સામે આવ્યો છે. જે આ ઘટનાનો વીડિયો સોશ્યલ મીડિયામાં પણ વાયરલ થયો છે.

# અમરેલીમાં અમર ડેરી ખાતે ૭૫ માં પ્રજાસત્તાક દિવસની ઉજવણી



તા.૨૬/૦૧/૨૦૨૪ના રોજ અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. અમર ડેરી ખાતે ૭૫માં પ્રજાસતાક દિવસની ઉજવણી કરવામાં આવેલ હતી. આ કાર્યક્રમમાં ઈફકો અને એન.સી.યુ.આઈના ચેરમેન દિલીપભાઈ સંઘાણીનાં વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમા અમર ડેરીનાં ચેરમેન અશ્વિન સાવલીયાનાં માર્ગદર્શન તળે યોજવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા લોકલાડીલા સાંસદ નારણભાઈ કાછડીયા, જિલ્લા ખરીદ વેચાણ સંઘનાં પ્રમુખ જયંતીભાઈ પાનસુરીયા, તાલુકા ખેતી વિકાસ બેંકનાં ચેરમેન ધીરૂભાઈ વાળા, જિલ્લા પંચાયત સદસ્ય શંભુભાઈ મહિડા, તાલુકા પંચાયત સદસ્ય કાળુભાઈ રામાણી, બી.એમ.ચોવટીયા, અમર ડેરીનાં ડિરેકટર ચંદુભાઈ રામાણી, રામજીભાઈ કાપડીયા, એમ.ડી.ડો.આર.એસ.પટેલ તથા જી.એમ.ડી.આર.રામાણી સહિત સ્ટાફગણ ઉપસ્થિત રહયા હતા.

## છેલ્લા સાતેક વર્ષથી હંગામી બસ સ્ટેન્ડથી મુસાફરોને કહેવાતી સુવિધા મળી રહી છે

# અમરેલીમાં નિર્માણાધિન એસ.ટી. ડેપોનું કાર્ય પૂર્ણ થતું જ નથી !

આજનાં આધુનિક યુગમાં વિકસિત રાષ્ટ્ર સાત વર્ષમાં એક નગરી ઉભી કરી દે અને અહિંયા બસ સ્ટેન્ડ તૈયાર કરવાનાં ફાંફા

એક તરફ સરકાર વાયબ્રન્ટ અને ગતિશીલ ગુજરાતનાં સુત્રો રજૂ કરે અને બીજી તરફ સરકારી બાંધકામોમાં ગતિનો અભાવ

ર૬મી જાન્યુઆરીનાં રોજ એસ.ટી. ડેપોનું લોકાર્પણ કરવાની ચર્ચા હતી પરંતુ તે દિવસ પણ પસાર થયો

હંગામી બસ સ્ટેન્ડમાં શુન્ય કક્ષાની સુવિધાઓ વચ્ચે મુસાફરો વર્ષોથી હેરાન-પરેશાન થતાં હોય છુટકારો અપાવો



અમરેલી, તા. ૨૭

અમરેલી એ જિલ્લાકક્ષાનું શહેર છે અને જયાંથી દરરોજ સેંકડોની સંખ્યામાં એસ.ટી. બસની અવરજવર રહે છે. હજારો મુસાફરોની આવનજાવન હોય મુસાફર વર્ગની સુવિધા માટે છેલ્લા સાતેક વર્ષથી ધ્યાન બસ સ્ટેન્ડને ધરાશાયી કરીને તે જગ્યાએ આધુનિક સુવિધાસભર બસ પોર્ટ બનાવવાની કામગીરી શરૂ થઈ અને ૩ થી ૪ વર્ષમાં કામ પૂર્ણ કરવાને બદલે ૭ વર્ષ બાદ હજુ પણ બસપોર્ટનું નિર્માણકાર્ય પૂર્ણ ન થતાં મુસાફરોમાં આશ્ચર્ય ફેલાઈ રહ્યું છે.

એક તરફ રાજય સરકાર દ્વારા વાયબ્રન્ટ અને ગતિશીલ ગુજરાતનાં નારાઓ લગાવવામાં આવી રહ્યા છે અને બીજી તરફ સરકારી કામો ગોકળગાયને પણ શરમ આવે તેવી ગતિએ ચાલી રહ્યા છે.

નવા બસપોર્ટનાં નિર્માણકાર્યને લઈને એસ.ટી. ડેપોની બાજુમાં આવેલ જગ્યાએ હંગામી બસ સ્ટેન્ડ તૈયાર કરવામાં આવ્યું. તેમાં પીવાનું પાણી, શૌચાલય, સ્વચ્છતા, પાકા માર્ગ, સલામતી, હવા-ઉજાસ જેવી કોઈ સુવિધાઓ ઉભી કરવામાં ન આવતાં છેલ્લા ૭ વર્ષથી દરરોજ હજારો મુસાફરો હંગામી બસ સ્ટેન્ડથી તોબા પોકારી ચુકયા છે અને નવું બસ પોર્ટ ૨૬ જાન્યુઆરીનાં રોજ શરૂ થવાનું હતું તે મુર્હુત પણ પસાર થતાં મુસાફર વર્ગમાં નવું બસ પોર્ટ કયારે શરૂ થશે તેને લઈને ચિંતાનો માહોલ છવાયો છે અને મુસાફરવર્ગ કહે છે કે વિકસિત દેશો ૭ વર્ષમાં મહાકાય નગર તૈયાર કરી શકે તો આપણા વિકસિત ગુજરાતમાં કેમ એક બસ પોર્ટ ઝડપથી તૈયાર થતું નથી.

### આરોપી ઘરે હોવાની બાતમીનાં આધારે

## લીલીયામોટા ખાતે આરોપીને કોર્ટની સજાનું વોરંટ બજાવવા ગયેલ પોલીસકર્મીની ફરજમાં રૂકાવટ

### એક મહિલા સહિત ૪ વ્યકિત વિરૂધ્ધ ફરિયાદ

અમરેલી, તા. ૨૭

લીલીયા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા ગૌતમભાઈ વલકુભાઈ ખુમાણને ખાનગી રાહે બાતમી મળેલ કે લીલીયા જયુડીશ્યલ મેજી.ફર્સ્ટ કલાસની કોર્ટના સજા વોરંટનો આરોપી અને પોલીસ સ્ટેશનનો હીસ્ટ્રીશીટર સીરાજભાઈ રજાકભાઈ દલ (રહે.લીલીયા મોટા) પોતાના ઘરે હાજર હોય તેવી બાતમી મળેલ હોય જેથી તેઓ સજા વોરંટના આરોપીને પકડવા માટે આરોપીના રહેણાક મકાને જતા સજા પામેલ આરોપી સીરાજની માતા અનિશાબેન રજાકભાઈ દલ તથા તેના પીતા રજાકભાઈ દલ તથા તેનો દીકરો મજીદભાઈ રજાકભાઈ દલને પોલીસ તરીકે ઓળખ આપી અને સીરાજભાઈ રજાકભાઈ દલનું જયુડીશ્યલ મેજીસ્ટ્રીટ ફર્સ્ટ કલાસ લીલીયા કોર્ટના ફોજદારી કેસ નં. ૬૪/૨૦૨૩નું સજા વોરંટ વાંચી સંભળાવેલ હતું. આરોપી સીરાજભાઈ દલને લીલીયા પોલીસ સ્ટેશન ખાતે લઈ જવાનું કહેતા અનિશાબેન રજાકભાઈ દલ તથા રજાકભાઈ તથા તેનો દિકરો મજીદભાઈ રજાકભાઈ દલે આ સિરાજભાઈ દલને પોલીસ સ્ટેશને નહીં લઈ જવા દઈએ અને પોલીસ જો સિરાજભાઈને પોલીસ સ્ટેશન ખાતે લઈ જશો 'તો અમો સામુહીક દવા પી જઈશુ' તેમજ આરોપી સીરાજના માતા અનિશાબેન કહેવા લાગેલ કે 'હુ તમારી વિરૂધ્ધ દવાખાનામાં દાખલ થઈ અને ખોટી છેડતી કરેલ છે તથા માર મારેલ છે, તે રીતેની ખોટી ફરીયાદ કરીશ.' અને આરોપી સીરાજભાઈ દલ પણ પોલીસ પાસેથી ભાગવા સારૂ બળજબરી કરવા લાગેલ હોય અને જોર જોરથી અમોને ગાળો બોલી અને કહેવા લાગેલ કે આખા સંઘીવાડને ભેગો કરો. 'આ પોલીસ આજે અહીં સંઘીવાડમાંથી જીવતી જવી ન જોઈએ' અને જોર-જોરથી રાડો પાડવા લાગેલ. આરોપી સીરાજને પકડી રાખેલ હોય ત્યા આ મજીદભાઈ રજાકભાઈ તથા રજાકભાઈ દલ બન્ને દોડી તેના હાથમા લાકડીઓ લઈ પોલીસને મારવા દોડેલ અને કહેલ કે તમો સીરાજને છોડી મુકો નહિતર અહિયાથી એકેયને જીવતા નહિ જવા દઈએ તેમ કહી પોલીસની ફરજમાં રૂકાવટ કરેલ હતી.

આ બનાવમાં પોલીસ હેડ કોન્સ્ટેબલ ગૌતમભાઈ વલકુભાઈ ખુમાણે આરોપી સીરાજભાઈ રજાકભાઈ દલ, મજીદભાઈ રજાકભાઈ દલ, અનીશાબેન રજાકભાઈ દલ તથા રજાકભાઈ દલ (રહે. લીલીયા) વાળા વિરૂધ્ધ લીલીયા પોલીસમાં આઈપીસી ક. ૩૩૨, ૧૮૬, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એકટ ક.૧૩૫ મુજબ ફરિયાદ નોંધાવી છે.

## ધારેશ્વર પ્રાથમિક શાળામાં ૭૫ માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી



રાજુલા, તા. ૨૭

શ્રી ધારેર પ્રાથમિક શાળામાં ૭૫મા પ્રજાસત્તાક પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી. શાળાનાં આચાર્ય હિરલબેન ઠાકર તેમજ સ્ટાફ દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમનાં આયોજન બાબત વિશેષ જહેમત લેવામાં આવેલ. ગામની ભણેલી દીકરીના હસ્તે ધ્વજવંદન તેમજ તેમને સન્માનપત્ર આપ્યા બાદ શાળાનાં ભૂલકાઓ દ્વારા સ્વાગત ગીત, દેશભકિત ગીતો પર ડાન્સ, અભીનયગીત, અંગ્રેજીમાં મહાત્મા ગાંધીજી વિશે સ્પીચ તેમજ અન્ય કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યા. ગામમાંથી સરપંચ, એસ.એમ.સી. સભ્યો, બહોળી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા. અંતમાં મીઠાઈ વિતરણ તેમજ આભારવિધિ બાદ કાર્યક્રમની પૂર્ણાહુતિ જાહેર કરવામાં આવી. એવું આચાર્યા હિરલબેન ઠાકરની નોંધમાં જણાવેલ છે.


### ગાંધીનાં ગુજરાતમાં દારૂનું દુષણ વધતા ચિંતા


## ખાંભાનાં મોટા સરાકડીયા ગામનાં ઈસમ પાસેથી વિદેશી દારૂની ર બોટલ ઝડપાઈ

### પોલીસે રૂપિયા ૩૦ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો

અમરેલી, તા. ૨૭

ખાંભા તાલુકાના મોટા સરાકડીયા ગામે રહેતા સંજયભાઈ બહાદુરભાઈ ચાવડા નામના શખ્સે વગર પાસ પરમીટે ગઈ તા. ૨૬નાં રોજ મોટા સરાકડીયા પોતાના કબ્જામાં ઈગ્લીંશ દારૂની પરપ્રાંતની ભારતીય બનાવટની ૧૮૦ મી.લી.ની બોટલો નંગ-૨ ની કિં. રૂા. ૧૧૦ તથા મોટર સાયકલ નં. જીજે-૨૩ બીબી ૦૯૮૯ કિંમત રૂપિયા ૩૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૩૦,૧૧૦ ના મુદામાલ સાથે રેઈડ દરમ્યાન મળી આવી પકડાઈ જતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.


















# સન્ડે સ્વીટ્સ



ફિલ્મી સફર (એક ઈતિહાસ)

હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬

**પ્રકરણ-૧૬૯**

**અજીબ દાસ્તા હૈ યે.. કહા શરૂ કહા ખત્મ... યે મંઝીલે કૌન સી... ના વો સમજ શકે ના હમ દિલ અપના ઔર પ્રીત પરાઈ... કિસ ને હૈ યે... રીત બનાઈ...**

પ્રિય વાચક મિત્રો,

પ્રજાસત્તાક પર્વની આપ સર્વને હાર્દિક શુભ કામનાઓ. આજે ફિલ્મી સફરમાં મીનાકુમારી અને રાજકુમારની આ વર્ષની સૌથી સફળ દસ ફિલ્મો પૈકીની એક ફિલ્મની વાત કરીશું.૧૯૬૦માં સંગીત અને ગીતમાં સૌથી વધુ પ્રચલિત ગીતો ફિલ્મ ' મુગલે આજમ અને બરશાત કી એક રાતના રહ્યા હતા, પણ આ ફિલ્મના એક ગીત 'અજીબ દાસ્તા હૈ યે..' થી આ વર્ષનો સંગીત નો ફિલ્મ ફેર પુરસ્કાર શંકર જયકિશન ને મળ્યો હતો, અમરેલી ના જાણીતા અને પીઢ ડોકટર અને અમરેલી ની જનતા ના પ્રશ્નો ને દિલ્હી સુધી પહોંચાડનાર એવારાજકીય વર્ચસ્વ ધરાવતા ડો. ભરત કાનાબાર સાહેબના ધર્મ પત્નીનું તાજેતરમાં નિધન થયું છે, અને મને ફેસબુકના માધ્યમ થી જાણવા મળ્યું કે સ્વ. અ.સૌ. કીર્તિબેનને પણ આ ગીત અત્યંત પ્રિય હતું, અને જોગાનું જોગ આજની કોલમમાં મારે આ ગીત અને ફિલ્મ વિષે લખવાનું આવ્યું છે, તો અહી તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ.

**દિલ અપના એર પ્રીત**





**પરાઈ** – આ ફિલ્મ કમાલ અમરોહીના નિર્માણમાં બની હતી, કમાલ અમરોહી અને મીના કુમારી એ ૧૯૫૨ માં લગ્ન કરી લીધા હતા, ત્યારબાદ કમાલ મીના ને એક નજર કેદ માં રાખતા હતા, ત્યાં સુધી કે કોઈપણ ફિલ્મ નું શૂટિંગ સાંજે ૬ સુધી માં પૂર્ણ કરી, ઘરે જતું રહેવું પડતું હતું, અને તેમના મેકઅપ રૂમમાં અન્ય કોઈ વ્યકિતને પ્રવેશ ના હતો, વાત ત્યારે વધી જયારે સાહેબ બીબી ઔર ગુલામ ફિલ્મનું શૂટિંગ ચાલતું હતું, જેની વાત ત્યારે કરીશું. મીના એક અભિનેત્રી ની સાથે એક સારા ગાયિકા પણ હતા, ૧૯૪૬ ની દુનિયા એક સરાયા, અને બિચ્છડે બલમમાં ગીતો ગાયા હતા, તેમની યાદગાર ફિલ્મ "પાકિઝા" પણ તેમનું ગાયેલ ગીત હતું, જે ફિલ્મમાં સમવાયું ના હતું, પણ પાછળથી ૧૯૭૭માં એક આલ્બમ પાકિઝા રંગ વ રંગમાં સમાવાયું હતું. દિલ અપના એરપ્રીત પરાઈ ફિલ્મનું નિર્દેશન, કિશોર શાહુ એ કર્યુ હતું, અને કહાની પણ તેમની જ હતી, ફિલ્મના ગીતો શૈલેન્દ્ર અને હસરત જઈપૂરી એ લખ્યા હતા, અને સંગીત શંકર જયકિશનનું હતું, અને ગીતના સ્વરમાં લતાજી અને આશા જી, રફી સાહેબનો મુખ્ય કંઠ હતો, ફિલ્મમાં રાજકુમાર, મીનાકુમારી, પ્રતિમા દેવી, શમ્મી, હેલેન, ઓમપ્રકાશ, ટૂન ટૂન, કુમારી નાઝ અને નાદિરા મુખ્ય કલાકાર હતા.

ફિલ્મની કથા એક ડોકટર અને નર્સ પર આધારિત હતી, આ ફિલ્મ ૧૯૬૦ની ફિલ્મ છે, ત્યારે ડોકટરનો એક દર્દી પ્રત્યેનો લગાવ અહી દર્શાવાયો છે, ડોકટર એટલે અર્ધી રાતે પણ કોઈ દર્દીને તકલીફ હોય તો દોડી ને આવે, તેના સાંસારિક મોજ શોખને દર્દીના ભોગે પૂરા ના કરે, અને હોસ્પિટલની નર્સ જેને આપણે સિસ્ટર એટલે કે બહેન કહીએ છીએ, તે તમામ દર્દી સાથે એક બહેન અને એક માં જેવુ વર્તન કરતાં દેખાડયા છે, એક દ્રશ્ય માં દર્દી દવા લેવા માંગતો નથી તો નર્સ તેને વારંવાર દવા આપે છે, દર્દી નારાઝ થઈ દવા મીના ના ચહેરા પર ફેકી દે છે, પણ મીના નારાઝ નથી થતી પણ દર્દી ને કહે છે કે તે દવા નહીં પીવે ત્યાં સુધી તે જશે નહીં, અંતે હારી દર્દી દવા પણ લે છે અને ભયંકર બીમારી થી દૂરપણ થાય છે. અને આજે અમરેલીની મલ્ટી સ્પેયાલિસ્ટ હોસ્પિટલમાં દર્દી રાતે ગંભીર બીમારી સાથે આવે તો, જે તે નિષ્ણાંત ડોકટર, બિન અનુભવી અને લાયકાત વગરના ડોકટરને તે દર્દી માટે ફોન પર સંદેશ આપી જીવન મરણ વચ્ચે છોડી દે છે, જો દર્દી ગંભીર થાય તો રાજકોટ કે અન્ય શહેરમાં જતાં રહો તેમ નફફટાઈ થી કહી અને તગડું બિલ પણ વશૂલ કરે છે, અને નર્સ ની જગ્યા એ કયારેક અશિક્ષિત સ્ટાફ કામ કરતો જોવા મળે છે, અને તેટલી જ લૂંટ દવાઓમાં થતી હોય છે, સરકારી હોસ્પિટલમાં ડોકટર હોય છે, પણ સારવાર ના નામે મીંડું, ગંભીર બીમારીઓમાં હોય છે, કારણ કે હાજર ડોકટર માત્ર એક ડોકટર હોય છે, કોઈ સ્પેશ્યાલિસ્ટ હોતા નથી અને દર્દીનારાયણ લાચાર થઈ જાય છે.

વાત તો અમરેલી ની કરી છે, પણ મોટા ભાગ ના શહેરો માં આજ પરિસ્થિતિ છે. આજ ભારતમાં બીમાર પડવું એટલે મોતને આમંત્રણ આપવા જેવુ થઈ ગયું છે. અરે.. ફિલ્મની વાત તો બાજુ પર રહી ગઈ... સોરી...

ફિલ્મની કથા એક ડોકટર રાજ જે દર્દી માટે અથાક મહેનત કરે છે, અને તેમને મદદ કરતી દર્દીને બહેન અને માતાનો પ્રેમ આપતી નર્સ મીના છે. મીના એક અનાથ યુવતી છે, રાજ અને મીના એક બીજા પ્રત્યે લાગણી ના સંબંધો થી જોડાઈ છે, પણ રાજને ડોકટર બનાવવા માં મદદરૂપ થનાર યુસુફ ની પુત્રી નાદિરા સાથે લગ્ન કરવા પડે છે, નાદિરા એક અલ્લડ અને ઝગડા ખોર યુવતી છે, રાજ તેના સાથે બહાર રહેતા એક દર્દીનું મોત થઈ જાય



છે, તે બાબતે બન્ને વચ્ચે ખટરાગ થઈ જાય છે. અને રાજ અને નાદિરા થોડો સમય અલગ થાય છે, અને પ્રેમની સંવેદનાઓ મીના સાથે વધુ જોડાઈ છે, એક અકસ્માતમાં રાજ બેભાન અવસ્થામાં મીના સાથે નો લગાવ નાદિરા સમક્ષ કબૂલ કરે છે, મીના તે હોસ્પિટલ છોડી દે છે, રાજ તેને બીજી હોસ્પિટલમાંથી શોધી કાઢે છે, પણ નારાઝ નાદિરા મીના ને લઈ રાજ ને ભૂલવા કહે છે, મીના તે કરી શકે તેમ નથી, તે જાણ્યા બાદ તે કાર વધુ સ્પીડમાં ચલાવી અકસ્માત કરી બેઠે છે, જેમાં નાદિરાનું નિધન થાય છે, અને રાજ મીનાને બચાવી લે છે અને નવી ઝીંદગી શરૂ કરે છે.

ફિલ્મના ગીતો આજેપણ પ્રચલિત છે, અજીબ દાસ્તા હૈ યે. ના શબ્દો ઘાયલ પ્રેમીઓને વધુ ઘાયલ કરે છે, કિસી કા પ્યાર લે કે તુમ નયા જહાં બાસા ઓગે.. યે શામ જબ ભી આએગી.. તુમ હમ કો યાદ આઓગે.. અને 'દિલ અપના એર પ્રીત પરાઈ ટાઈટલ ગીતના શબ્દો આંધી મે એક દીપ જલાયા એર પાની મે આગ લગાઈ... સમજો કે તે કશું શકય નથી, એવી આ પ્રીત જે અશકય છે, જે કોણે બનાવી છે, તે કોઈ જાણતું નથી પણ તેનું દર્દ હંમેશા સહન કરે છે, તેજ સાચા પ્રેમીઓ છે. રાગ ભૈરવી પર આધારિત આ ગીતના અન્ય શબ્દો છે, હૈ દર્દ ઐસા કે સહના હૈ મુશ્કિલ, દુનિયા વાલો સે કહેના હૈ મુશ્કિલ.. ઘીર કે આયા હૈ તુફાન ઐસા.. બચ કે સાહિલ સે રહેના હૈ મુશ્કિલ જે કોઈ પ્રેમી જ અનુભવી શકે છે. આ ફિલ્મ ૧૯૬૦ના વર્ષની છઠ્ઠા ક્રમની સફળ ફિલ્મ રહી હતી.

**જોય મુખર્જી** – જોય મુખર્જી એટલે નિર્માતા નિર્દેશક શશધર મુખર્જીનો પુત્ર, જેનો જન્મ ૨૪ ફેબ્રુવારી ૧૯૩૯ ના રોજ થયો હતો, તેની માતાનું નામ સિતા દેવી હતું, તેઓ દેહરાદુન થી કોલેજ સુધી અભ્યાસ પૂર્ણ કરી પિતાના બેનર નીચે ફિલ્મ 'લવ ઈન શિમલા'થી હિન્દી સિનેમામાં પ્રવેશ કર્યો , તેઓ એ નીલમ નામ ની યુવતી સાથે લગ્ન કર્યા હતા, તેમને સંતાન માં બે પુત્રો અને એક પુત્રી છે, જોય હિન્દી સિનેમામાં એક અલ્લડ અદાકાર રૂપે જોવા મળ્યા, પણ શમ્મી કપૂરની સફળતામાં તેઓ ઢંકાઈ ગયા, તેમની પ્રથમ ફિલ્મ જેમાં સાધના ની પણ તે પ્રથમ ફિલ્મ હતી તે સફળ રહી, ત્યારબાદ તેઓ એ એક મુસાફિર એક હસીનામાં કામ કર્યુ, તેઓની જોડી આશા પારેખ સાથે પણ જામી હતી, તેઓ એ હિન્દીસિનેમામાં ઘણી સફળ ફિલ્મો આપી હતી, તેઓની ફિલ્મ "લવ ઈન બોમ્બે" જે "લવ ઈન સિરીજ"ની ફિલ્મ હતી, જેના લીધે તેઓ આર્થિક રીતે હેરાન થયા હતા, તે ફિલ્મ તેમના અવસાન બાદ ૨૦૧૩માં પ્રદર્શિત તેમની પત્ની એ કરી હતી, જોયની આર્થિક મુશ્કેલીમાં રાજેશ ખન્ના સાથે રહ્યા અને તેમની ફિલ્મ જેનું નિર્માણ જોય મુખર્જી એ કરેલ તે "છેલા બાબુ" સફળ થયા બાદ તેઓ થોડા સધ્ધર થયા હતા, તેમની અંતિમ ફિલ્મ પણ રાજેશ ખન્નાના સહકારથી ઈન્સાફ મે કરૂંગા હતી, જેમાં તેઓ ખલ નાયક રહ્યા હતા, તેમનું નિધન ૦૯ માર્ચ ૨૦૧૨ ના રોજ થયું અને તેઓ અમર થયા.

જોય મુખર્જી અને સાધનાની ફિલ્મ લવ ઈન શિમલા વિષે વાત કરીએ આ ફિલ્મ ૧૯૬૦ના વર્ષની દસમાં નંબરની સૌથી સફળ પૈકીની એક ફિલ્મ રહી હતી. ફિલ્મના નિર્માતા શશધર મુખર્જી અને નિર્દેશક આર.કે. નૈયર હતા, ફિલ્મના ગીતો, રાજેન્દ્ર કૃષ્ણા એ લખ્યા હતા, અને સંગીત ઈકબાલ કુરેશી એ આપ્યું હતું. આ ફિલ્મની કથા અને ગીત સંગીત સાથે આગામી અંકમાં મળીશું. આભાર.

# અસ્વસ્થ જીવનશૈલી (Life Style Deases) ભાગ-૪૫

## નાડીનું ધતિંગ



**ડો. ભાવેશ કે. મહેતા**

**અમરેલી**

મિત્રો હું આયુર્વેદ નો ચિકીત્સક છું, એટલે લોકો અમારી પાસે નાડી તપાસી નિદાન કરાવવાનો આગ્રહ રાખતા હોય છે એટલે લોકોમાં આયુર્વેદ અને નાડી દ્વારા નીદાન બાબતે પ્રવર્તતી ગેરમાન્યતાને દુર કરવાઆ વિષયની ચર્ચા મને યોગ્ય લાગી.

આયુર્વેદ હોસ્પીટલમાં અમારી પાસે સારવાર લેવા આવતા દર્દીને જયારે પ્રથમવાર તપાસીએ અને તેમને થયેલ તકલીફ વિશે પુછીએ અને જુના કરાવેલા રીપોર્ટ્સ માંગીએ એટલે મોટા ભાગના દર્દી એવો જવાબ આપે કે સાહેબ આયુર્વેદ દવા લેવા આવ્યા છીએ એટલે અમને એમ હતુ કે તમારે રીપોર્ટસની જરૂર નહી પડે તમે નાડ જોઈને દવા આપશો.

વર્ષ-૧૯૯૭માં હું હજી નવો-નવો આયુર્વેદનો ડોકટર (વૈદ્ય) થયો હતો અને આયુર્વેદ ક્ષેત્રે કાંઈને કાંઇ નવુ કરવાનો ઉત્સાહ હતો, જે ભગવાન ધનવંતરીની કૃપાથી હજી જળવાય રહ્યો છે, એ વખતે થયેલ એક કિસ્સો તમને કહું, એ અરસામાં હું જેસીગપરામાં જનરલ પ્રેકટીશ (એલોપેથી) કરતો, એક મોટી ઉંમરના દાદા મારી પાસે આવ્યા, મારી પાસે બેઠા મેં કીધુ દાદા શું થાય છે, મને કે તમે દાકતર છો મારી નાડ જોઈ કહો મને શું તકલીફ છે, મેં કીધુ દાદા એમ નો ખબર પડે, શું થાય છે તમારે કહેવું તો પડે, મને કે તો તમે દાકતર શું કામના ? મારો થોડો અહમ ઘવાયો, થોડીવાર હુ એમ ને એમ બેઠો, પછી મેં ૨૦ એમ.એલ.ની સીરીજ (ઈંજેકશન) કાઢી અને બી-કોમ્પ્લેક્ષ(દવાનું)નું ઈંજેકશન કાઢી ભર્યુ, મેં કીધુ દાદા સુઈ જાવ, મને કે પણ મને શુ તકલીફ છે એ તો કહો, મે કીધુદાદા એ મને ખબર પડી ગઈ છે તમે સુઈ જાવ આ ઈંજેકશન લેશો એટલે સારૂં થઇ જાશે. દાદા ગભરાઇ ગયા મને કે સાબ મને કાઈ થાતુ નથી એ તો નીચે (એ વખતે મારૂ દવાખાનું પહેલા માળે હતું) બેઠો તો થયુ કે, નવા દાકતર આવ્યા છે, કાંઇ આવડે છે કે નહી જોયાવું.

મિત્રો આજના લેખમાં કાયમ અમારા આદરણીય વૈદ્ય બાપાલાલ ગ. વૈદ્ય (નિવ્રુત આચાર્ય, નાજર આયુર્વેદ કોલેજ, સુરત) એ ઘરગથ્થુ વૈદક પુસ્તકમાં લખેલ વાત અક્ષરસઃ આપના સમક્ષ મુકુ છું.

વૈધ એટલે નાડી જોઇને બધા રોગો કહી આપે તે પ્રાણી. સાંભળ્યું છે કે પહેલાના નવાબોએ વૈદ્યોને તેમની નાડીની કુશળતા માટે સનંદો આપેલી ! બિલાડીને પગે દોરી બાંધી એ દોરી વૈદ્યના હાથમાં આપી. વૈદ્યરાજે નાડી જોઈને બધાને દંગ કરી નાખ્યાની હાસ્યાસ્પદ વાતો સમાજમાં ઠીક-ઠીક પ્રચલીત છે. આ આધુનીક જમાનામાં આ બધા હુત ઝાઝી વાર ન ટકવાં જોઇએ. નાડીશાસ્ત્ર મેં વાંચ્યું છે અને હું 'ઘણો સારો નાડીવૈદ્ય ગણાઉં છું ! નાડી જોઇને રોગપરીક્ષા કરવી એ મને તો ઉપહસનીય જણાય છે. હા, નાડીના ટકોરા ગણી તે ઉપરથી કેટલાક રોગોનું અનુમાન થઈ શકે છે ખરૂં, પરંતુ નાડી જોઇને પરમિયો, મુંઝારો (એંજાઈના પેક્ટોરિસ), ગાઉટ(વાતરકત), કુમિ ઈત્યાદિ રોગોની પરીક્ષા કરવી એ તો કેવળ દંભ છે. નાડી મંદ, તીવ્ર, છીછરી, ભરેલી એ જાણવાની જરૂર છે અને તેટલે અંશે તેની ઉપયોગીતા છે, પરંતુ આજકાલ 'નાડી' ઉપર જેટલો ભાર મુકાય છે તેટલા ભાર માટે તે પાત્ર નથી એ ભારપુર્વક કહેવાની જઢર છે

વૈદ્યરાજો આ વાંચીને મને ભાંડશે એ હું સમજું છું. ગીતાનો શ્લોક' 'ન બિદ્ધિભેદ જનણ્દ અજ્ઞાનામ કર્મસગિનામ' અજ્ઞાન મનુષ્યોમાં બુધ્ધિભેદ પેદા ન કરવો જોઈએ. એમ પણ મને સંભળાવશે. આ છતા જો સાચી વાત રજુ ન કરૂં તો હું ઢોંગી ગણાઉં. નાડીની મહતા ઘટશે એટલે વૈદ્યની મહતા ઘટશે, એ ભીતિ ઉચિત નથી. વૈદ્યમાં વર્ચસ્વ હશે તો જ વૈદું ટકશે. અમુક ભયથી અમુક વાત ન કરવી. એમાં હું માનનારો નથી. સત્યને શાનો ભય ? કોઇ નાડીવૈદ્ય જગતને નાડીશાસ્ત્રની શાસ્ત્રીયતા પુરવાર કરી આપવા આહવાન કરી ભલે મારા જેવા શંકાશીલોની આંખો ખોલે.

સમાજમાં નાડી વિશે જે જાતનું જ્ઞાન પ્રચલિત છે. તે ઉપર બેધડક પ્રહાર કરવાની જરૂર છે. લોકજાગ્રુતિના આ યુગમાં લોકસેવકોએ આવી વાતો લોકો પાસે રજૂ કરવી જોઈએ. દરેકમાં પ્રમાણ માગતા આ જમાનામાં 'નાડી' વિશે પણ મારી પાસેથી કોઈ પ્રમાણની આશા રાખે તો નવાઈ નહીં. એટલા ખાતર હિંદુસ્તાનના ઉચ્ચ કોટિના પરમ વિદ્વાન મહા મહોપાધ્યાય કવિરાજશ્રી ગણનાથ સેન આ વિશે કરેલા ઉદ્ગારો જાણવા જેવા છે. ' માત્ર નાડી તપાસીને બધા રોગો ઓળખવાની ગુટ નાડીવિધ્યા – જેની પ્રાકૃતજનો તથા વૈદ્યો ભારે સ્તુતિ કરે છે તેનો પ્રાચીન ઋષિઓએ તથા ચરક, સુશ્રુત, વાગભટ્ટ અને ચક્રપાણિ જેવા આચાર્યોએ ઉલ્લેખ પણ નથી કર્યો. આ સંપ્રદાય પાછળથી ઉદ્ભવ્યો છે, એ નિઃસંશય છે. છેલ્લા કેટલાલ સૈકાઓમાં થયેલા અર્ધશિક્ષીત વૈદ્યો જે જ્ઞાનેન્દ્રિયો વાપરતાં ભૂલી ગયા અથવા એ બાબતમાં બેદરકાર રહ્યા તેઓએ પોતાનું અજ્ઞાન ઢાંકવા માટે આ નાડીવિધ્યાનું ધતિંગ ચલાવ્યું લાગે છે. નિદાનમાં નાડીજ્ઞાન જરૂર સારી મદદ કરી શકે એમ હું માનું છું. પણ નાડીમાંથી બધી ખબર પડે એ વહેમ તરફ તિરસ્કાર દર્શાવતાં મને જરાય સંકોચ થતો નથી, માટે અંધશ્રધ્ધાળુ જનસમાજનું અજ્ઞાન બને તેટલું જલદી દુર કરવું જોઈએ... નાડીજ્ઞાનથી બધું કહેવાનો ડોળ કદી ન કરવો. હું તો મારા દરદીઓને સ્પષ્ટ કહી દઉં છુ કે પહેલા તમારા દરદનાં ઈતિહાસ કહો અને શું થાય છે તે કહો. પછી હું તમારી નાડી હાથમાં લઈશ. લોકમાં અપ્રિયતાનું જોખમ ખેડીને પણ હું તો આમ કહું છું...'

મિત્રો આયુર્વેદ એ એવું ચિકીત્સાશાસ્ત્ર છે, જેમાં નિદાન માટે ખુબજ ઉડાણપુર્વક અને વૈજ્ઞાનીક રીતે સમજણ આપેલ છે, આયુર્વેદ રોગ અને રોગી બન્ને માટે એટલી સચોટ પધ્ધતિ આપેલ છે કે દરેકવ્યકિતના રોગનું સચોટ નીદાન થઈ શકે. આયુર્વેદમાં ફકત નાડી તપાસીને નિદાન થાય એ ખુબ સંકુચીત વિચાર છે, મને લાગે છે કે આયુર્વેદનું ભણેલ (માન્ય યુનીવર્સીટીમાંથી B.A.M.S. / B.S.A.M.) કોઇ પણ ચીકિત્સક ફકત નાડી જોઇ નિદાન નહી કરતા હોય.

હાસ્યાસ્પદ વાતો સમાજમાં ઠીક-ઠીક પ્રચલીત છે. આ આધુનીક જમાનામાં આ બધા તુત ઝાઝી વાર ન ટકવાં જોઈએ. નાડીશાસ્ત્ર મેં વાંચ્યું છે અને હું 'ઘણો સારો નાડીવૈદ્ય' ગણાઉં છું ! નાડી જોઈને રોગપરીક્ષા કરવી એ મને તો ઉપહસનીય જણાય છે. હા નાડીના ટકોરા ગણી તે ઉપરથી કેટલાક રોગોનું અનુમાન થઈ શકે છે ખરૂં, પરંતુ નાડી જોઈને પરમિયો, મુંઝારો (એંજાઈના પેક્ટોરિસ), ગાઉટ (વાતરકત), કૃમિ ઈત્યાદિ રોગોની પરીક્ષા કરવી એ તો કેવળ દંભ છે. નાડી મંદ, તીવ્ર, છીછરી, ભરેલી એ જાણવાની જરૂર છે અને તટલે અંશે તેની ઉપયોગીતા છે, પરંતુ આજકાલ 'નાડી' ઉપર જેટલો ભાર મુકાય છે તેટલા ભાર માટે તે પાત્ર નથી એ ભારપુર્વક કહેવાની જરૂર છે.


### મરવાની ઇચ્છા હોય તો આ ટાપુ પર જઈ આવો

# દુનિયામાં એક અનોખો ટાપુ જ્યાં ઝેરી સાપનું રાજ છે

**વિષુવવૃત્તની નજીક સ્થિત હોવાને કારણે અહીં ગાઢ જંગલો અને ઘણાં પ્રાણીઓ જોવા મળે છે, જેમાંથી સાપ સૌથી વધુ છે**

જો તમને લાગે કે દુનિયાના સૌથી ખતરનાક સાપ ફક્ત ભારતમાં જ જોવા મળે છે તો એવું નથી. વાસ્તવિકતા એ છે કે, દુનિયામાં ઘણા એવા જંગલો છે જ્યાં સાપ મોટી સંખ્યામાં જોવા મળે છે. પરંતુ શું તમે જાણો છો કે દુનિયામાં માત્ર એક જ આખો ટાપુ છે જ્યાં સાપનું રાજ છે.

આ ઉપરાંત આ ટાપુ પર જવાની હિંમત કોઈ મનુષ્ય કરી શકતો નથી. અહીં જે પણ જાય છે તેને સાપ મારી નાખે છે. **Ilha da Quenamada** નામનો આ ટાપુ બ્રાઝિલની નજીક છે. ઈલ્હા દા ક્વેનામાડા વિશ્વમાં સાપના ટાપુ તરીકે ઓળખાય છે. તે બ્રાઝિલના સાઓ પાઉલોના દરિયાકિનારાથી ૩૩ કિલોમીટરના અંતરે સ્થિત છે, જે ચાર લાખ ૩૦ હજાર ચોરસ કિલોમીટર વિસ્તારમાં ફેલાયેલો છે. વિષુવવૃત્તની નજીક સ્થિત હોવાને કારણે અહીં ગાઢ જંગલો અને ઘણાં પ્રાણીઓ જોવા મળે છે, જેમાંથી સાપ સૌથી વધુ છે.



ઈલ્હા દા ક્વેનામાડામાં સાપની ઘણી પ્રજાતિઓ રહે છે. આમાં ગોલ્ટન લાન્સહેડ વાઈપર નામની લુપ્તપ્રાય પ્રજાતિનો પણ સમાવેશ થાય છે. તેને વિશ્વના સૌથી ઝેરી સાપ માનવામાં આવે છે. તેની લંબાઈ લગભગ ૪૬ ઈંચ છે અને તેનો રંગ પીળો અને ભૂરો છે. ૨૦૧૫ના આંકલન મુજબ અહીં લગભગ બેથી ચાર હજાર સાપ છે. અહીં દર ૭૫ ચોરસ મીટરમાં એક સાપ જોવા મળે છે. ઘણાં લોકો એવો પણ દાવો કરે છે કે, અહીં દર કિલોમીટરે પાંચ સાપ રહે છે. સાપ વિશે લોકોમાં ઘણી વાતો ફરે છે, જેમાં એવું કહેવામાં આવે છે કે જે કોઈ પણ આ ટાપુ પર ગયો પછી ભલે તે માછીમાર હોય કે કેળાની શોધમાં હોય કે પછી કોઈ અન્ય, અહીં આવ્યા પછી ચોક્કસ મૃત્યુ પામે છે. ગોલ્ડન લેન્સહેડ વાઈપર દ્વારા માણસો મર્યા ગયા હોવાના સત્તાવાર અહેવાલ ક્યારેય મળ્યા નથી. માનવીઓ પર આ સાપના ઝેરની અસરોનું ક્યારેય પરીક્ષણ કરવામાં આવ્યું નથી, પરંતુ એવું જોવામાં આવ્યું છે કે, ઉત્તર અથવા દક્ષિણ અમેરિકાના અન્ય સાપ કરતાં અન્ય લેન્સહેડ સાપ વધુ માનવ મૃત્યુ માટે જવાબદાર છે. લેન્સહેડ સાપના ડંખથી મૃત્યુની સંભાવના સાત ટકા છે. સારવાર બાદ પણ મૃત્યુની શક્યતા માત્ર ત્રણ ટકા હોવાનું કહેવાય છે. મૃત્યુના કારણોમાં સામાન્ય રીતે આંતરડા માંથી રકતસ્રાવ, કિડનીની નિષ્ફળતા, મગજનું હેમરેજ અને સ્નાયુ પેશીઓનું ગંભીર નેક્રોસિસ છે. હકીકતમાં સાપનું ઝેર માંસ અને પેશીઓને ઓગાળે છે. તેનાથી સાપને પચવામાં સરળતા રહે છે. પરીક્ષણો દર્શાવે છે કે ગોલ્ડન લાન્સહેડ વાઈપર બોથ્રોપ પ્રકારના સાપમાં સૌથી ઝડપી પ્રતિભાવ દર્શાવે છે. ઈલ્હા દા ક્વેનામાડાના સાપ એ જ પ્રજાતિના હતા જે બ્રાઝિલની ધરતી પર જોવા મળે છે. પરંતુ ૧૦થી ૧૨ હજાર વર્ષ પહેલાં દરિયાની સપાટી વધવાને કારણે આ ટાપુ બ્રાઝિલની જમીનથી અલગ થઈ ગયો હતો. જેના કારણે અહીં સાપની વસ્તી એકલી પડી ગઈ હતી.

### શા માટે શ્વાન રાત્રે મોટેથી રડતુ હોય છે, વૈજ્ઞાનિકોએ અભ્યાસમાં શોધ્યું

# શ્વાન જ્યારે તેમના વિસ્તારથી ભટકી જાય છે, ત્યારે રડતું હોય છે

**લોકપ્રિય માન્યતાઓ અનુસાર, શ્વાન કોઈપણ અપ્રિય ઘટનાને પહેલાથી જ અનુભવી શકે છે, એટલા માટે તેઓ રાત્રે રડવા લાગે છે**

તમે અડધી રાત્રે તમારા આસપાસ કોઈક સમયે શ્વાનના રડવાનો વિચિત્ર અવાજ સાંભળ્યો હશે. રાત્રે શ્વાનના રડવાનો અવાજ મોટાભાગના લોકોને ડરાવી નાખે છે, અને તેને અપશુકન પણ માનવામાં આવતો હોય છે, કેટલાક લોકોનું માનવું છે કે, શ્વાન રાત્રે આત્માઓને જોઈને રડવા લાગે છે. બીજી બાજુ, કેટલાક લોકો માને છે કે, જ્યારે શ્વાન રડે છે, ત્યારે કોઈ વ્યક્તિ થોડા દિવસોમાં મૃત્યુ પામે છે. શું ખરેખર આવું છે કે, પછી તેની પાછળ બીજું કોઈ કારણ છે? શું તમે જાણો છો કે શ્વાન માત્ર રાત્રે જ કેમ રડે છે? રાત્રે શ્વાનના રડવાના ઘણા કારણો છે. લોકપ્રિય માન્યતાઓ અનુસાર, શ્વાનઓ કોઈપણ અપ્રિય ઘટનાને પહેલાથી જ અનુભવી શકે છે. એટલા માટે તેઓ રાત્રે રડવા લાગે છે.

ઘણીવાર ગામડાઓ અને નગરોમાં જ્યારે બહાર બેસીને શ્વાન રડવા લાગે છે, ત્યારે ત્યાં રહેતા લોકો ચિંતામાં મુકાઈ જાય છે. સામાન્ય રીતે, રાત્રે શ્વાનઓના રડવાનું નકારાત્મક સંકેત તરીકે માનવામાં આવે છે. લોકપ્રિય માન્યતાઓથી વિપરીત, રાત્રે શ્વાન રડવાનું કારણ ખરાબ સ્વાસ્થ્ય અથવા ઈજા હોઈ શકે છે. શ્વાનના રડવા પર



કરવામાં આવેલા ઘણા અભ્યાસોના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે, જ્યારે કોઈ શ્વાને તેના પરિવારથી અલગ થઈ જાય છે અથવા તેના પ્રદેશમાંથી ભટકીને કોઈ અન્ય જગ્યાએ પહોંચે છે, ત્યારે તે હતાશાને કારણે રાત્રે જોર જોરથી રડવા લાગે છે. અભ્યાસો અનુસાર, આ બરાબર એ જ પ્રકારનું વર્તન છે જે ત્યારે થાય છે, જ્યારે માનવ બાળક તેના પરિવારથી અલગ થાય છે. સરળ શબ્દોમાં કહીએ તો આ બાબતમાં મનુષ્ય અને પ્રાણીઓનું વર્તન સરખું છે. જ્યારે શ્વાન તેના ગ્રુપમાંથી અલગ થઈને અન્ય કોઈ જગ્યાએ પહોંચે છે, ત્યારે તે રાત્રે જોરથી ભસીને તેના સાથીઓને તેના સ્થાનના સંકેતો મોકલે છે. બીજી તરફ, જો કોઈ અન્ય જગ્યાએથી શ્વાન કોઈ વિસ્તારમાં આવે છે, તો તે જગ્યાએ રહેતા શ્વાનોનું જૂથ પણ રાત્રે રડવા લાગે છે.

આમ કરીને તેઓ આસપાસ હાજર તેમના મિત્રોને કહે છે કે, અમારા વિસ્તારમાં એક અજાણ્યો શ્વાન ઘુસી આવ્યો છે. મોટેથી ભસવાથી શ્વાનો તેના બીજા શ્વાન સાથીને તેની હાજરી અને સમસ્યાઓ વિશે જાણ કરે છે. નિષ્ણાંતોના મતે, તબિયત ખરાબ હોવાને કારણે અથવા ઈજાને કારણે શ્વાન રાત્રે રડવા લાગે છે. જ્યારે શ્વાનો પીડા અથવા મુશ્કેલીમાં હોય છે, ત્યારે તેઓ રડીને તેમના ટોળાને નજીક બોલાવવાનો પ્રયાસ કરે છે. વાસ્તવમાં, આ બાબતમાં મનુષ્ય અને પ્રાણીઓ એકબીજાથી તદ્દન અલગ છે. એવા ઘણા લોકો છે, જેઓ જ્યારે મુશ્કેલીમાં હોય ત્યારે સમાજના બાકીના લોકોથી પોતાને અલગ કરી દે છે. તે જ સમયે, મોટાભાગના પ્રાણીઓ જ્યારે પીડા, અસ્વસ્થતા અથવા ખરાબ સ્વાસ્થ્યમાં હોય ત્યારે એકલા રહેવાનું પસંદ કરતા નથી. આવી સ્થિતિમાં, જો તેઓ એકલા હોય, તો તેઓ તેમના સાથીઓને બોલાવવા માટે રડવા લાગે છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, રાત્રે શ્વાનોનું રડવાનું એક કારણ તેમની ઉંમર પણ છે. જ્યારે શ્વાનો ઉંમર સાથે નબળા પડી જાય છે, ત્યારે તેઓ વધુ એકલતા અનુભવવા લાગે છે. આ તેમને દુઃખી કરે છે. જ્યારે આ એકલતા અને ઉદાસી રાત્રે વધવા લાગે છે, ત્યારે તેઓ મોટેથી રડીને તેમની પીડા વ્યક્ત કરે છે. કેટલાક શ્વાનો તેમના મૃત સાથીઓને યાદ કરીને રડે છે.

જો કોઈ શ્વાન ઘરમાં ઉછરે છે અને કોઈ કારણસર અલગ થઈ જાય છે, તો તે વધુ એકલતા અનુભવે છે અને રાત્રે રડવા લાગે છે. જ્યારે પણ શ્વાનો તેમના અલગ થયેલા માલિકોને મળે છે, ત્યારે મોટેથી રડવાને બદલે, તેઓ આંસુ વહાવે છે. આવું જ કંઈક ત્યારે થાય છે, જ્યારે છૂટા પડ્યા પછી રખડતા શ્વાનો ફરીથી તેમના જૂથમાં જોડાય છે. ફરીથી મળવા પર, શ્વાન તેમના માલિકને લાડ બતાવવા અથવા તેમની સાથે રમવાનું શરૂ કરવા માટે ચાટવાનું શરૂ કરે છે.

વૈજ્ઞાનિકોને સંશોધનમાં જાણવા મળ્યું છે કે, પાલતુ શ્વાન તેમના માલિકથી લાંબા સમય સુધી દૂર રહી શકતા નથી. પાંચ કલાક દૂર રહ્યા પછી મળે તો શ્વાનોની આંખમાંથી ઘણા આંસુ નીકળે. વૈજ્ઞાનિકોએ આ પરીક્ષણને શિર્મર પરીક્ષણ નામ આપ્યું છે. આ માટે, આંસુનું પ્રમાણ માપવા માટે શ્વાનોની આંખોની નીચે એક ખાસ પટ્ટી મૂકવામાં આવી હતી.

# રામ પ્રણામ કિન્હ સબકાહુ, મુદિત મયે લહિ લોચનલાહૂ ।

નિર્મલ મન જન સો મોહિ પાવા.

તો ફિર આપ સ્વીકાર કર લો ના ? ત્યારે મને તે બહેનનું નામ નિર્મળા છે તે ખબર ન હતી, તેમણે તો છેલ્લી લીટીમાં પોતાનું નામ જાહર કરેલું. ભગવાને મને જવાબ લખીને આપ્યો, ''તુમ માનતી હો વૈસી નહીં હૈ'' તેમનુ જીવન ભગવાન જાણતા હતા. ભગવાનને તો નિર્મળ મન જ પ્રિય છે.

જોધપુરમાં રામનવમીના ઉત્સવ પતાવી ત્યાંથી બે ત્રણ ગાડીઓ દ્વારા બધા રવાના થયા. ગુનાથી થોડે દૂર બજરંગગઢમાં શ્રી હનુમાન જયંતિનો ઉત્સવ મનાવ્યો. ત્યાર બાદ ત્યાંથી ફરતાં ફરતાં તારંગાહિલ થઈને રાજકોટ ગયા.

**(૫૭) રામકૃપા બિનુ સુનુ ખગરાઈ**

રાજકોટમાં પોપટપરા સ્થાનમાં શ્રી હીરાભાઈ નામના ભકત રહે છે. તેમની ઈચ્છાથી ત્યાં રઘુવીર મંદિર બનાવવામાં આવ્યું. તેમને પ્રેમભાવ જોઈ ભગવાને આ પ્રતિષ્ઠા મહોત્સવ પર આવવાનું સ્વીકારેલું. સમય ઓછો હોવાથી તેઓ મૂર્તિ વિષે ચિંતિત હતા. તે વખતે ભગવાને ૧૯૬૧ માં ચિત્રકૂટ રઘુવીર મંદિર માટે જે મૂર્તિઓ ઓર્ડર આપી બનારાવેલી અને તે પછી અનંતપુરમાં મંદિર બનાવવાની ઈચ્છાથી રાખેલી તે મૂર્તિઓ ત્યાંથી મંગાવી લીધી, અને ધામધુમથી સ્વહસ્તે યુગલ સરકારની પ્રતિષ્ઠા કરી. તે ઉત્સવ પર ૧૦૮ નવાહ્ન પારાયણ વિધિસર કરવામાં આવ્યા.

વ્યાસપીઠ પર પૂ. શ્રી હરિચરણદાસજી મહારાજજી બિરાજમાન હતા. બધા ગુરૂ ભાઈ બહેનોમાં ખૂબ જ આનંદ ઉત્સાહ હતો. બહેનો ભગવાનના આદેશાનુસાર કેસરી સાડી તેમ જ ભાઈઓ કેસરી ટોપી પહેરી પાઠમાં બેઠેલા. તેમાં હું પણ હતી. એટલા પ્રમાણમાં ભીડ હતી કે તે દિવસોમાં તો ભગવાનના દર્શન જાણે દુર્લભ થઈ ગયા હતા.

**રામ કીન્હ બિશ્રામ નિશિ, પ્રાત પ્રયાગ નહાય ।**

આ પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવ પહેલા રાજકોટ આશ્રમમાં ભગવાન પધારેલા, એક બહેનને દીક્ષા આપેલી. મેં ભગવાનને પૂજન કરવા બાબત ચિઠ્ઠી લખેલી, ''ઈતની ભીડમેં યદિ આપકો અનુકૂલતા હો તો મૈં પૂજન કરના ચાહતી હું. કોઈ આગ્રહ નહીં હૈ. યદિ આપકો સમય મિલે તો હી.'' ભગવાનના રૂમની બાજુમાં ''ઠાકર મઢ ો''માં હું હતી. ભગવાન તે બહેનને દીક્ષા આપી અચાનક સીધા મારા રૂમમાં પધાર્યા. ખૂબ જ પ્રસન્ન હતા, અને દરવાજો બંધ કરી પૂજન કરવા જણાવ્યું. પૂજન કરી લીધા બાદ જાણે મારી પરીક્ષા લેતા હોય તેમ કહ્યું, ''લો રમા, અબ તો એક ઓર ભી બઢ ગઈ.'' મેં કહ્યું, ''ભગવાન, આપે તો દીનદયાલું હૈ ઓર વિશ્વપતિ હૈ. આપકે પાસ એક કયા એકહજાર ભી બઢેંગે તો ભી આપકે ચરણામે મેરા સ્થાન હૈ વહ તો રહેગા હી.'' આ સાંભળી ખૂબ જ ખુશ થઈ માથા પર હાથ ફેરવતાં બોલ્યા, ''રમા, સદૈવ ઐસી હી વિશાલ ભાવના કે સાથ ઉદાર ઔર ઉત્તમ વિચાર રખના. મુઝે ઈતનેમેં નહીં સમજના વૈસે ભી ગુરૂએકદેશીય નહીં હોતા હૈ ગુરૂ વ્યાપક તત્વ હૈ.''

## અહૈતુક કૃપા



## પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ. ગુરૂદેવ)



સંપાદક : મહેન્દ્ર સી. જોષી
મો. ૯૪૨૬૪ ૫૭૭૫૫ (નિવૃત્ત કેળવણી નિરીક્ષક)
સૌજન્ય : પ.પૂ.કુ. રમાબેન પુરૂષોત્તમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)

દિવસોમાં કોઈ કારણસર મે ઉપવાસ કરેલો. ત્યારે હજી ભગવાને સાગર નેત્રયજ્ઞથી લીધેલો ત્રણ મહિનાનો નિયમ કોઈને સ્પર્શ ન કરવાનો ચાલુ હતો. તેથી જે બહેનથી મને ભગવાને જોધપુરમાં સાવધાન કરેલી તેમણે મારા ઉપવાસ વિષે અનુમાન લગાડી ભગવાન સાથે આ બાબત ચર્ચા કરી હશે તેથી ભગવાને મને પૂછયું, ''રમા તુમને દો ચાર દિન પહલે ઉપવાસ કિયા થા કયા ?'' મેં કહ્યું, ''જી હાં.'' કારણ પૂછયું, ત્યારબાદ આ અનુમાનની વિગત મને જણાવી ફરી સાવધાન કરી.

પોપટપરામાં ભગવાને મને બોલાવી કહેલું, ''રમા, ધીરૂકે લિયે તુમને લડકી દેખી ?'' મેં કહ્યું, કૌન સી?'' તો ભગવાને કહ્યું, ''બાદ મેં બતાઉંગા.'' બાકી ધીરૂભાઈની સગાઈ ભગવાને તો તે જ દિવસે પોતાની રીતે નક્કી કરી દીધેલી તે અમે કોઈ જાણતા ન હતા. ૧૯૬૭ માં તેમની જ સાથે ધીરૂભાઈની સગાઈ જાહેર કરી.

એક દિવસ ભગવાન રાજકોટ રાજા સાહેબના બંગલે પધારેલા, સાંજનો સમય થતાં મનહરભાઈ, ભાભી તથા નીલા, ઉર્વા અને તે સિવાય સાથે એક બીજા બહેન પણ હતા. અમે ફરવા નીકળેલા, સંધ્યા સમયે થોડે દૂર અમને ભગવાનની ગાડી સામે મળી, ભગવાને ગાડી ઉભી રખાવી.

**રામ સપ્રેમ કહેઉ મુનિપાહિં, નાથ કહિય હમ કેહિ મગ જાહી ।**

શાંતિથી પ્રણામ કરવા મળ્યા. તેમ જ ભગવાને પણ પ્રસન્નતાથી હસતાં હસતાં. પૂંછ્યું, '' કહાં જા રહે હો ?'' મનહરભાઈએ જવાબ આપ્યો, ''ભગવાન ફરવા જતા હતાં.'' પછી જયાબેને પ્રણામ કરતા ભગવાને પૂછ્યું, ''ઈસકા નામ કયા હૈ?'' સાથેના બહેને કહ્યું. ''બાપુ, એમનું નામ તો જયાબેન છે.'' ત્યારબાદ મેં પ્રણામ કરતાં ફરી પૂછયું, ''ઈસકા નામ ?'' તો તેમણે જવાબ આપ્યો, ''બાપુ એ તો હંમેશા તમારી આગળ રહે એટલે એમનું નામ તો તમને ખબર જ હોય ને ?'' ભગવાને કહ્યું,'' અરે ! યે મેરે આગે નહીં પીછે રહતી હૈ.'' આ રીતે થોડીવાર આનંદ કરાવી અમને પાછા ફરવા કહ્યું. અમે ગાડીની પાછળ ભગવાનના રૂમ પર પહોંચી ગયા.

શ્રી હીરાભાઈ જેમણે શ્રી રામમંદિરની સ્થાપના કરાવી તેઓ ખૂબ જ સરળ અને પ્રેમાળ સ્વભાવના ભકત હૃદય છે. મોટી ઉંમરે ભગવાનના આશીર્વાદથી તેમને ત્યાં પુત્ર જન્મ થયો જેનું નામ રઘુ રાખ્યું છે.

પોપટપરાના પ્રસંગ પહેલા ગુંદાવાડીમાં પ્રસંગોપાત્ ભગવાન પધારેલા. ભાવિકજનોની ભારે ભીડ હતી. ભગવાન પાસે હંમેશા સ્વાધ્યાયના પાઠ થતાં. તે વખતે મનહરભાઈની બન્ને દીકરીઓ નીલા, ઉર્વા ઘણી જ નાની હતી છતાં મનહરભાઈએ અમુક પ્રાર્થના શીખવેલી હોવાથી બંને બહેનો પાસે ભગવાને પ્રાર્થના બોલાવી. ભગવાને પ્રેમપૂર્વક પાસે બોલાવી પોતે જે બાજોઠ પર ચરણ રાખેલાં તે બાજોઠ પર બેસાડી માઈકમાં પ્રાર્થના સાંભળી. રાજકોટથી ભગવાન સાથે બગસરા ગઈ.

**(૫૮) જેહિ પર કૃપા ન કરહિં પુરારી**

ભગવાન બગસરાથી વીરપુર પધારવાના હતા. ત્યારે મને બોલાવીને કહ્યું, ''રમા મૈં આઠ દિનકે બાદ વાપસ રાજકોટ આઉંગા. તુમ ઈતને દિન રાજકોટમેં શ્રી વજુભાઈ જોબનપુત્રા કે યહાં રહના. વીરપુર મૈં તુમ્હે નહીં લે જાતા હું કયોંકિ ઉન લોગોકો અચ્છા નહીં લગતા હૈ.'' મેં કહ્યું. રામ સપ્રેમ પુલકિ ઉરલાવા, પરમ રંક જનુ પારસ પાવા ।

''ભગવાન યદિ આપ કહે તો મૈં આઠ દિન રાજકોટ ન રહકર બરસડા, અમરેલી ઔર સલડી, લીલીયા મામા, માસી કે યહાં મિલને જાઉં ?'' રજા આપતા કહ્યું, ''ભલે બરાબર આઠવે દિન રાજકોટ પહુંચ જાના. મૈં તુમ્હેં રાજકોટમેં મિલૂંગા.''

ભગવાનની રજા લઈ હું વરસડા, અમરેલી થઈને લીલીયા મામાને ઘેર ગઈ.

ઘણાં વર્ષો પછી મામાને જે ખુશી અને ભાવથી મળવા ગયેલી તે બધો ભાવ તેમના વાણી વર્તન જોતાં એસરી ગયો. મામા પરમ કૃષ્ણુ ભકત હતા. હું દસ વર્ષની હતી ત્યારે તેમને મળેલી. તેથી તેમની વિચારધારાથી અજાણ હતી. મને એમકે મામાને ભકિતમાં રસ છે જેથી મારું આ જીવન જોઈ ઘણાં ખુશ થઈ જશે. તેઓ મને જન્મથી જ દેવી કહીને બોલાવતા અને મારા બાને કહેતા, ''જો જે તારી આ દીકરી લગ્ન નહીં કરે અને ભકિતમાર્ગ સ્વીકારશે.'' આટલો પ્રેમ હોવા છતાં તે દિવસના વાણી વર્તન સ્નેહરહિત જોતાં હું સમજી ન શકી. હવે પછી મને ત્યાં રહેવાનું મન ન હતું. સાંજે પહોંચેલી જેથી ગમે તે રીતે રાત કાઢવાની હતી. સવારની પહેલી બસથી નીકળી જવાની હતી. તેમણે વ્યવહારિકતાથી જમીને જવા આગ્રહ કર્યો ત્યારે બોલ્યા વિના રહી ન શકયા અને કહ્યું, ''તારૂં આ જીવન ઠીક છે પરંતુ આપણાં તો કૃષ્ણ જ સાચા.'' મેં કહ્યું, ''મામા, આમ કેમ કહો છો? રામ અને કૃષ્ણ એક જ તો છે.'' થોડીવાર ચર્ચા કરતા સમજાયું કે તેઓ તો રામનું નામ લેવા પણ રાજી ન હતા. વારેવારે એક જ શબ્દો હતા, ''ગમે તે કહે આપણાં તો કૃષ્ણ જ સાચા.'' નાનપણથી મેં તેમને જોયેલા. તેમને મોઢામાં સતત્ ''રાધાકૃષ્ણ રાધાકૃષ્ણ'' અથવા ''શ્રીકૃષ્ણ શરણં મમ''નો જાપ ચાલુ રહેતો.

ખૂબ પ્રેમાળ હતાં. તેમજ વ્યહાર શુદ્ધિ પણ તેમના જીવનમાં હતી. પરંતુ ધર્મના નામ પર એટલી જડતાપૂર્વક ગ્રંથિ બંધાય ગયેલી કે ગમે તેટલું કોઈ કહે પરંતુ તેઓ રામ કે શિવનું નામ લેવા તૈયાર ન થાય. ત્યાં સુધી કે કપડાં શિવડાવવા પણ ન બોલે. કારણ તેમાં શિવ શબ્દનો સમાવેશ થાય છે. તેઓ હંમેશા કપડાં દોરાવવા છે એમ બોલતા. મેં કહ્યું, ''મામા મને તમે હવેલીમાં લઈ જાવ અથવા કોઈપણ કૃષ્ણભજન **(ક્રમશઃ)**

# બાળકોને સાચેસાચુ કહેવું કે સારૂ સારૂ કહેવું ?

ધર્મ કોઈપણ હોય તેની અમુક બાબતો લગભગ સરખી જ હોય છે. જેમા સાચુ બોલવું, ન્યાયી થવું, અનીતિનું ન લેવું, અન્યને માન સન્માન આપવું જેવી બાબતો એક જેવી જ હોય છે. ભાષા કોઈપણ બોલાતી હોય મોટાભાગનાં માતા-પિતાને પોતાનાં બાળક માટેની ચિંતા લગભગ એક સમાન હોય છે. અને આમ પણ માતા-પિતા પોતાની નિષ્ફળતાનો બોજ પોતાનાં બાળક પર નાખતા હોય છે. જેમ કે ઘણાને પતંગ ચગાવવાનો શોખ હોય, ઘણાને બીજાનાં પતંગ કાપવાનો શોખ હોય, તો ઘણાને ।માત્ર કપાયેલા પતંગ લુંટવાનો શોખ હોય, અને તેને જીવનનાં અંતમાં ખબર પડે કે આખી જિંદગી બીજાનાં પતંગ લુંટવામાં નિકળી ગઈ પોતેતો પતંગ ચગાવી જ ના શકયા. કદાચ આવો વિચાર આવે ત્યાં અંધારૂ થઈ ગયું હોય છે. અને પવન પડી ગયો હોય છે. સલાહ આપવી સરળ છે. પરંતુ સલાહ આપનાર તેને અનુસરે ખરા ? આ દુનિયામાં સૌથી મોટો પાપી ચાપલુસી કરનાર છે. આજના માતા-પિતાની સૌથી અઘરી બાબત તેના સંતાનો સાથે તાલમેળ કેળવવાની છે. તેમજ બાળકને સાચું શું છે. તે સમજાવવાની છે. પરંતુ એ માતા-પિતા ખરેખર એજ નથી જાણતા કે આ સત્ય એટલે શું ? સત્ય એટલે માત્ર સાચું બોલવું ? અને સાચું બોલવું તો કઈ હદ સુધી બોલવું ? દરેક પ્રસંગે, અને દરેક પરિસ્થિતિમાં સાચું બોલવું શકય છે ખરૂં ? સત્યનાં પ્રયોગોમાં ગાંધીજી લખે છે કે પ્રાણને ભોગે પણ સત્યનું રક્ષણ કરવું જોઈએ પરંતુ આજના સમયમાં એ કેટલું અનુકુળ ? આપણી આસપાસની દુનિયામાં જરા જોશો તો ખ્યાલ આવશે કે સાચું બોલનારાઓ, સાચી રીતે ચાલનારાઓ, ન્યાયપ્રિય લોકો કરતા 'સ્ટ્રીટ સ્માર્ટ' લોકો વધુ ઝડપથી આગળ વધી જાય છે. આવા સમયમાં બાળકને સત્ય બોલતા શીખવવું અઘરૂં છે.કલાસટીચરનું ટયુશન હોય એટલે બીજાનું બાળક પ્રથમ નંબરે આવે અને આપણે તેને સાચું બોલતા શીખવીએ એટલે કલાસમાં એનેજ સજા થાય. એનો રબ્બર કે સંચો, ચોરાઈ જાય અને એ કયારેક ભુલમાં કે મોહમા કોઈનાં રબ્બર સંચો જો લઈ આવે તો આપણે તેને મોરલ – નીતિમતા, મૂલ્યો, વેલ્યુઝ, પર ભાષણનાં લેપ લગાવીએ છીએ. કાર્ટુન નેટવર્ક પર ટોચ એન્ડ જેરી એકબીજાને મારવા ફર્યા કરે એને ધરતી ઉપર આવતા જાતજાતનાં સંકટો દુર કરવા એક સરખી મારામારી કર્યા કરતા માત્ર હિંસક ટેલિવિઝન સોય ઓપેરા આપણા બાળકો જોયા કરે છે. એનિમલ ફિલ્મ જોઈને બાળકોને તે પાત્ર ગમી જાય તો તેને મનની સાચી વાત કેમ સમજાવવી ? .

આપણા પોતાનાં ઘરમાં પારકાની સતત નિંદા સાંભળીને ઉછરતા આપણા સંતાનો ખરાબ ન બોલવું એવું મોરલ ગ્રહવા કરી શકે ખરા ? પાંચ મિનિટ પહેલા આપણે જેના વિશે ઘસાતી ટીકા કરી હોય અને એ માણસ તમારી સામે અચાનક પ્રગટ થઈ જાય તો આપણને સ્મિત કરીને એમની સાથે વર્તતા જોઈ રહેલા બાળક ઉપર કયા સત્યની છાપ આપણે છોડવા માંગીએ છીએ એ સવાલ પોતાની જાતને પુછવો પડે.

બાળકને પ્રોત્સાહિત કરો તેને પ્રમોટ ના કરો. બાળકનાં સતત વખાણ કરતા રહેવું એજ એને પ્રોત્સાહન આપવાની સાચી રીત છે ? તો પછી જીવનમાં કયારેક કોઈક એની ટીકા કરશે ત્યારે એ સહી શકશે ખરૂ ? બાળકનાં મનમાં લગભગ પચાસ ટકા ચિંતા તો તેના

વિશાલ એ. દાફડા
મો. ૯૧૦૬૬ ૫૭૦૭૩
અમરેલી

માતા-પિતાના સપનાઓની જ હોય છે. પરંતુ તેના સપનાનું શું ?

બાળકની સામે આઈડિયલ બનવા માટે માતા-પિતાએ એવું શું કરવું જોઈએ જેનાથી તેમની અંદર ચાલતા સવાલોનાં જવાબો એમને આપોઆપ મળી જાય એમને એવું સમજાવવું જોઈએ કે માત્ર સાચું બોલવું એટલે સત્ય નહિ પરંતુ તેની જીવનશૈલીનો ભાગ હોવો જોઈએ તમે બાળકો પાસેથી ઘણું શીખી શકો સવાલ માત્ર તમારામાં કેટલી ધીરજ છે તેનો જ છે. સતત સારા અને ખરાબની વચ્ચે પસંદગી કરતા રહેવાની પ્રક્રિયાનું નામ જ જિંદગી છે. આ પ્રક્રિયામાં શ્રેય અને પ્રેય બંનેની વચ્ચે પસંદ કરવાનો આપણને બધાને અવકાશ છે. હોય જ છે.

શ્રેય એટલે જે સારૂ છે. સમાજની દ્રષ્ટ્રિએ, સભ્યતાની દ્રષ્ટિએ, સંસ્કારની દ્રષ્ટ્રિએ, અને સંવેદનાની દ્રષ્ટ્રિએ બીજાને નુકશાનકારક ન હોય તેવું માણસ ઉપર પોતાનાં સિવાયની પણ એક જવાબદારી છે. કદાચ તે આવનારી પેઢીની અને સમયની હોઈ શકે છે. તમે આજે જે જીવો છો તેનાથી તમે આવનારી પેઢી માટો શ્રેય કે અશ્રેય ઉભું કરો છો. અને આ નાનામાં નાની વાતથી શરૂ કરીને ગ્લોબલ વોર્મિંગ સુધી વિસ્તરે છે. તમે જે ઘરમાં બોલો છો. તેની અસર તમારા સંતાનનાં મન પર પડે છે. તમે જેમ વર્તો છો. એનાથી એ જિંદગી વિશેનાં અભિપ્રાય બાંધે છે. અને જો એ અભિપ્રાય ।ખોટો બંધાય તો એ ભયજનક છે, સમાજ માટે સભ્યતા માટે, સંસ્કાર માટે, અને સંસ્કૃતિ માટે એક ભાઈને કોઈએ પુછયું કે તમે પિતા કેમ બનતા નથી. ત્યારે તેણે જણાવ્યું કે બાળકો મને ખુબ જ ગમે છે એટલે

પ્રય એટલે જે પ્રિય છે તે પ્રિય એટલે તમને ગમે છે તે થોડા સમય પહેલા એક શૈક્ષણિક સંસ્થાનાં સંચાલકને બાળકો કે જે બાલમંદિરમાં ભણતા હતા તેમની સાથે રમત કરતા જોયા, દ્રષ્ટ્રિ ખુબજ રસપ્રદ હતું. વાત રમતની નથી પરંતુ બાળક સાથે બાળક બનવાની છે. કદાચ પ્રેય એટલે તમને સારૂ લાગે તે, તમને અનુકુળ છે, તે અને એમા બીજાનો ખાસ વિચાર કરવાનો રહેતો નથી. આ પ્રિય અથવા પ્રેય સામાનય રીતે શ્રેયની વિરૂદ્ધ હોય છે. પિત્મા, કોક, ચીઝ, ચોકટલે પ્રેય છે. પરંતુ શ્રેય છે. ખરૂં ? ટેકસ બચાવવો, જુઠુ બોલવું નાની ની બેઈમાની કરવી પ્રેય છે પણ શ્રેય છે ખરૂં ? બીજાને નીચા દેખાડવા અને પોતે મહાન સાબિત થવું પ્રેય છે. પણ શ્રેય છે ખરૂં ? આવા સવાલો તમારે તમારી જાતને પુછવાનાં છે, પછી એનો જે જવાબ આવે એજ તમારે તમારા બાળકને આપવાનો છે.

બીજાને ગુસ્સો કરતા જોઈને ગુસ્સો ન આવે એવું ભાગ્યે જ બને છે. પરંતુ બીજાને ભીખ માંગતા જોઈને ભીખ માંગવાની ઈચ્છા કેમ નથી થતી. બીજાને બેઈમાની કરતા જોઈને બેઈમાની કરવાની ઈચ્છા જરૂર થાય પરંતુ બીજાને જેલમાં જતા જોઈને જેલમાં જવાની ઈચ્છા કેમ નથી થતી ? બીજાને નાની -મોટી લાંચ આપીને કામ કઢાવતા ને આગળ વધતા જોઈને આપણે સ્વાભાવિક રીતે જ એમ કરવા લલચાઈ જઈએ છીએ પરંતુ કોઈને ઈમાનદારીથી હારતા જોઈને આપણને એની ઈમાનદારી માટે માન થવાને બદલે એને મુર્ખ કહેવાની ઈચ્છા જલદી જઈ જાય છે. જો આજ સ્થિતિ હોય તો આપણે આપણા બાળકને શું આપીએ છીએ ? મહાપુરૂષોના જીવનચરિત્રો વાંચવાથી કે પછી મોલ ઓફ ધ સ્ટોરી કહેવાથી ખરેખર આપણે આપણા બાળકનું ચારિત્ર્ય ઘડતર કરી શકીએ ? માના પેટમાં જન્મેલા બાળકને તેના માતા અને પિતાને ઓળખતા વાર લાગે છે. બોલતા કે બીજી વસ્તુઓ શીખતા બાળકને સમય લાગે છે. અરે ગેસનાં ચુલા પર કુકર મુકીએ પછી એની સીટી અમુક સમય રહીને વાગે છે. એવી જ રીતે બાળકને સત્ય શીખતા અને પચાવતા સમય લાગવાનો છે એ સમય દરમિયાન વહાલનું પાણી, શિસ્ત એન શિખામણનો તડકો, કયારેક સજા રૂપે નિંદણ, તો દુનિયામાં ચાલતી અને જોવા મળતી બુરાઈઓથી બચાવવા નિયમોની વાડ કરવી પડે છે. ત્યારે જ ફળદાર વૃક્ષનું નિર્માણ થાય છે. મહાપુરૂષોનાં જીવન ચરિત્રો એ જયારે વાંચે છે. ત્યારે એ જાણેઅજાણે મનોમન તમારી સાથે એની સરખામણી કરી બેસે છે. આ વાત માન્યામાં ના આવે તો પણ તમારા બાળક માટે તમે ।એક હીરો, આઈડિયલ, અથવા શ્રેષ્ઠથી ઓછું કશું જ નથી. બાળક શરૂઆતના વર્ષોમાં આયનાની જેમ વર્તે છે. એના સ્વચ્છ, નિષ્કપટ, અને કોરા મન પર સૌથી પહેલું જે પ્રતિબિંબ ઝિલાય છે એ તમારૂં છે. એ ઉમદા માણસ બને એ જોવાની જવાબદારી તમારી છે. તેમાં કોઈ શંકા નથી.

**:: વિશાલ વાણી ::**

એક બાળકઉછેરના નિષ્ણાંત પાસે લગ્ન પહેલા બાળઉછેરની છ જુદી જુદી પદ્વતિઓ હતી, આજે એમને ત્યા જ બાળકો છે. ને ઉછેરની એક પણ પદ્રતિ નથી.

# સુખી અને સાર્થક જીવનનું રહસ્ય

**જીવનને આનંદમાં કેમ રાખી શકાય ?**

સતત નિરાશા, હતાશાનાં સમયને કેમ પસાર કરવો ?
નરસિંહ મહેતા કહે છે.
''પ્રેમ રસ પાને તું મોરનાં
પિચ્છધર...,
તત્વનું ટૂંપણું તુચ્છ લાગે..!''

જેઓ પ્રેમ વહાવે છે તે પ્રેમ પામે છે. જિંદગીની રમત સફળતાપૂર્વક રમવા અનેક સંતોએ ઉપાય બતાવ્યા છે. ઘણા માણસો બીજાની નિંદા કરે છે. ઈર્ષ્યા કરે છે. તે પોતાનાં દુઃખને



ડો. ધીરજકુમાર વ્યાસ
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા

આમંત્રે છે.

આપણે કયો રસ્તો પસંદ કરવો ?

આપણે આપણા શાસ્ત્રોએ બતાવેલ રસ્તે ચાલવાનું છે. સંસારની બધી તકલીફો સામે આ ઉપાય છે. ''તેન ત્યકતેન ભુંજીયા'' મતલબ કે ત્યાગીને ભોગવી જાણો. આપણે સૌ સંસારી છીએ આપણે આપણી ફરજ બતાવતા-Eat, drink and be marru. જરૂરીયાત પ્રમાણે જીવનમાં જે મોજ મળે તે પ્રમાણે આનંદસહ યાત્રા કરવી. શાસ્ત્રો કહે છે. સંસાર જરૂર ભોગવો પરંતુ આ માટે મમત્વ જરૂરી નથી. માર્ગે આગળ વધી શકે છે. સૌ સાથે પ્રેમથી હળીમળી, ઉપયોગી જીવન જીવવાથી જીવનનો ખરો આનંદ મળ છે. માનસ શાસ્ત્રીઓ કહે છે. જીવનને વધુ અર્થસભર બનાવવા કોઈપણ ઉંમરે સુંદર સપનાઓ જોવા સમયનાં ચક્ર પ્રમાણે ઉંમર વધશે. શરીર તેનો ધર્મ બજાવશે. પરંતુ તમે તમારા મનમાં સદાય આનંદમાં આશાવાદી બની સપનાઓ સાકાર કરવા પ્રયત્નશીલ રહો.

કેટલીક વખત પરિસ્થિતિ આપણી સામે હોય છે નિરાશા, હતાશા ઘેરી વળે છે ત્યારે પ્રભુમાં શ્રધ્ધા રાખી પ્રાર્થના કરવી સારા મિત્રોનો સહવાસ કરવો. સુંદર પુસ્તકો વાંચવા, સૌની સાથે સદ્ભાવની સુગંધ વહેંચતી જવી. આપણું દ્રષ્ટિબિંદુ બીજાને મદદ કરવી. કંઈક ઉપયોગી થવું, મદદરૂપ થવું એ બાબત મુખ્ય હોવી જોઈએ. મહાન વૈજ્ઞાનિક સ્ટીફન હોકિંગે કહ્યું છે. આપણી પૃથ્વી અસંખ્ય સૂર્યમંડળ ોમાંની એક છે. એક આકાશી ગ્રહ છે. આપણે સૌ આ પૃથ્વી ઉપર અલ્પ સમય માટે આવ્યા છીએ. આપણે પાસે સમય થોડો છે. શા માટે વાદવિવાદ ? શા માટે સંઘર્ષ ? શા માટે યુધ્ધ ? પરસ્પર લડાઈનો અંત આવવો જોઈએ. આપણે સૌ એક પિતાના સંતાન છીએ.

કયારેય કોઈ ઉપર દોષાશ્રોપણ ન કરવું. શંકા-કુશંકા, અવિશ્વાસ, વેર ન કરવા. વિરાટની ઘડિયાળમાં એક ડગલું માત્ર સાથે ચાલવાના છીએ. ખૂબ પ્રેમથી ભેટી લો, એકબીજાને ચાહી લો, કલ હો ન હો. પ્રેમ-નિરંતર પ્રેમ બસ એક જ મોસમ-પ્રેમ નિરંતર પ્રેમ ! લડાઈથી અબોલાથી, સંઘર્ષથી કોઈ ફાયદો નથી. આ કિંમતી સમય ચાલ્યો જાય છે. પ્રેમનો પ્રસાદ વહેંચીએ. પ્રેમનો પ્રસાદ પ્રભુ પ્રાપ્તિ છે. આ માટે એક સત્ય ઘટના.

હોસ્પિટલમાં બે દર્દીઓ દાખલ થયા એકને બારી પાસે પલંગ મળ્યો. બીજાને દીવાલ પાસે જે બિલકુલ અશકત હતો. બન્ને મિત્રો થયા. બારી પાસેનાં દર્દીએ દૂર પલંગનાં અશકત દર્દી સાથે મજાની વાતો કરી. બારી બહાર કેટલું સુંદર જગત છે, ફૂલો છે, બાળકો છે, બગીચો છે, ચંદ્ર ચમકે છે વગેરે. આવતા જતા મ ણસોનું વર્ણન કરતો હતો. પોતાને ખબર હતી કે તે બે દિવસનો જ મહેમાન છે. તેથી સામે વાળા દર્દીમાં જીવન પ્રત્યે આશા જગાડવા વાતો કરી. એક રાતે બારી પાસેનાં દર્દીને શ્વાસ ચડયો. તત્કાળ મૃત્યુ પામ્યો. સવારે બારી પાસે પલંગ ગોઠવવા વિનંતી કરી પથારીવશ દર્દીએ બારી બહાર જોયું તો તે ચોંકી ગયો. બારી પાસે જ માળમીંઢ પથ્થરોની દીવાલ હતી. કશું જ દેખાતું ન હતું. પોતાને ખુશ રાખવા માટે પેલા દર્દીએ સુંદર જગતનાં વખાણ કરી પ્રાણ પૂર્યા હતા. કપરી પરિસ્થિતિમાં પણ બીજાને આનંદ આપવો એ ઈશ્વરનું કામ છે. પ્રભુ કાર્ય છે.

આપણે આપણા મિત્રો, સ્વજનો સાથે ખરા હૃદયથી પ્રેમ કરવો. જીવનની પળ પળ આજે તમારા હાથમાં છે સાચી સુગંધ પ્રેમની છે જે જીવનભર તાજગી આપે છે. નિદાન થયું. ડોકટરો પુત્ર પાસે ન જવા કડક સૂચના આપી આ રોગથી મૃત્યુ નિશ્ચિત છે. બાળકનાં આઈસોલેશન રૂમમાં જવાની માતાએ જીદ કરી. ડો. કહે શા...માટે ? માતા કહે- બી કોઝ આઈ એમ હીઝ મધર. દોડીને બાળકને વળગી પડી. ચમત્કાર એ થયો કે બીજો બચી ગયા. સંશોધન થયું કે પ્રેમનો વિજય થયો. પ્રેમના કારણે શરીરમાં પોઝીટીવ-ઈમ્યુનીટી ઉભી થઈ. રોગ હારી ગયો. પ્રેમથી પ્રતિકાર શકતી વધે છે. મનોબળ વધે છે. જીવનનો નવો અભિગમ પૂર્ણતાથી જીવવા માટે પ્રેમ એક અમોઘ દવા છે. પૂર્ણતાથી જીવવાનું શસ્ત્ર છે પ્રેમ...**(અપૂર્ણ)**

# સગપણ સાત ફેરાનું


**'સાત ફેરા કેરૂ છે આ સગપણ, લાગણીનું બંધાય આ બંધન, સમજણ સાથે થાય સફર તો, અવસર બનશે આખું જીવન'.**

લગ્ન એટલે આ સાત ફેરાનું સગપણ. લગ્ન એક એવો સંબંધ કે જેમાં સાથે રહીને જીવન જીવવાનું છે. સાથે સાથે વૃદ્ધ થવાનું છે. લગ્ન એ કોઈ એક દિવસનો ઉત્સવ નહીં પણ આખા જીવનનો અવસર છે. સાથે રહીને આ સાત ફેરાની સફરને પાર કરવાની હોય ત્યારે, એ સંબંધમાં સમજણ, સન્માન, સ્પષ્ટતા અને સાચવણી ખરેખર જરૂરી બની જાય છે.

આ સાત ફેરાના સગપણને સફળતાથી ઉચ્ચ શિખરે પહોંચાડવા માટે તેને લાગણીનું ખાતર અને પ્રેમનું પાણી જેવા દ્રવ્યો આપી પોષવો પડે, સીંચવો પડે, અને આ સંબંધને ઉછેરવો પડે, ખરેખર ખુબ માવજત માંગી લે એવું આ કામ છે. પરંતુ એ સંબંધને ઉછેરવાની, ખીલવવાની અને યોગ્ય દિશાએ લઈ જઈ સફળ બનાવવાની જવાબદારી તે સંબંધમાં જોડાનાર બંને પાત્રોની છે કોઈ એકની નહીં. તો એ વાસ્તવિકતાનો સ્વીકાર કરીએ સંબંધમાં ડગલા માંડવા રહ્યા. સાથ ફેરાનું કહેવાતું બંધન હકીકતમાં જો એકમેક માટે બંધન ના બને અને એમાં જોડાનાર બંને પાત્રોને પોત પોતાની મુકિતના શ્વાસ લેવા મળે તો જ તે સફળતાના શિખરે પહોંચી શકે. સૌ પ્રથમ આવું માર્ગદર્શન આપણા દીકરા કે દીકરીને આપીએ અને પછી એ તેના લગ્નજીવની સફરને સફળ બનાવે તેવા આશિર્વાદ આપીએ.

લગ્નજીવન એ સંસાર રથનો પાયો છે. અને આપણા ૧૬ સંસ્કારો માનો એક અમૂલ્ય સંસ્કાર છે. ત્યારે તેની સાચવણી, જાળવણી અને સફળતાની જવાબદારી આપણી સૌની છે. કારણ કે તે સમાજ વ્યવસ્થાનું ખૂબ મહત્વનું અંગ છે. તો આપણે અને

## અનુભૂતિનાં અક્ષરો



- નિધિ મહેતા 'ખુશી' અમદાવાદ

આપણી આવનારી પેઢી બંનેએ આ સંસ્કારને સમજવો, સ્વીકારો અને સન્માનવો પડશે. સુખી લગ્ન જીવનની દિશાએ ચાલવું પડશે.

સાંપ્રત સમયમાં લગ્ન સંસ્કાર કે લગ્ન જીવનને લઈને આપણા વિચારો, ખ્યાલો, માન્યતાઓ ઘણું બધું બદલાયું છે. સ્ત્રી અને પુરૂષ બંનેની જીવનશૈલી બદલાઈ છે. ત્યારે જેમ પરિવર્તન સંસારનો નિયમ છે. એ પ્રમાણે સાંપ્રત સમયને અનુરૂપ સમજણ કેળવવામાં આવે, વાસ્તવિકતાના સ્વીકાર, ને સમજદારી પૂર્વક આ લગ્નજીવનની ડગર પર ડગલાં માંડવામાં આવે તો આ સફરને ચોક્કસપણે સફળ બનાવી શકાય. સાંપ્રત સમયમાં સ્ત્રી અને પુરૂષના કાર્યક્ષેત્ર બદલાયા છે. આજે બંને કામ કરે છે. જયારે પહેલાના સમયમાં માત્ર પુરૂષ આર્થિક ઉપાર્જન કરતો અને સ્ત્રી ગૃહસ્થ સંભાળતી. ત્યારે બંનેની જવાબદારીઓ વહેંચાયેલી હતી. પરંતુ આજે બંને જયારે આર્થિક ઉપાર્જન કરતા થયા છે. બંને ઘરની બહાર નીકળીને કામ કરતા થયા છે. ત્યારે એ ઘરેલુ જવાબદારીઓ પણ બંનેએ સાથે મળીને વહેંચવી પડશે. બંનેએ એકબીજાના કાર્યને સમજવું પડશે અને સ્વીકારવું પડશે.

વળી લગ્ન એ સાત જન્મનું બંધન કહેવાય છે પણ ખરેખર તે બંધન ના બને તો જ તે યોગ્ય દિશામાં આગળ વધી શકે. લગ્નના સંબંધમાં સ્ત્રી અને પુરૂષ એકબીજાના થઈ જાય છે. પણ બંને એ યાદ રાખવું પડે કે એકબીજાના થતા હોવા છતાં અંગતના મટી નથી જતા. એટલે બંનેએ એકમેકના અંગત અસ્તિત્વ અને વ્યકિત્વનો સન્માન સાથે સ્વીકાર કરવો પડે. બંનેની ઈચ્છા, સપના, જરૂરિયાતો, મર્યાદાઓ અલગ હોય શકે, બંનેનો ઉછેર અલગ છે, તો એ દરેક વાસ્તવિકતાનો સ્વીકાર કરી એકબીજાને અપનાવવાના છે. એકબીજામાં ભળવાનું છે પણ અંગતને ઓસરવાનું નથી.

આમ જયારે આવી સહજ સભાનતાથી આ સફરની શરૂઆત કરવામાં આવે, અને તેમાં સતત સ્નેહનું સિંચન કરવામાં આવે, અને સમય સમયાંતરે તેમાં સ્નેહ, સમજદારી, સન્માન, સરાહના અને સ્પષ્ટતા જેવા અમૂલ્ય તત્વોનું યોગદાન આપવામાં આવે ત્યારે આ સફર વધુ સુંદર બની જાય છે. અને આખી જિંદગી એક અવસર બની જાય છે. જોકે આ કામ સરળ નથી પણ છતાં અશકય પણ નથી. આ બંધનમાં જોડાનાર બંને પાત્રો સમાન પણે તેને સંબંધની સફળતા તરફ લઈ જવાના પ્રયાસો કરતા રહે તો એ સંબંધ પુષ્પબાગની જેમ ખીલી ઉઠે છે. અને લગ્ન જીવનમાં તેની સુવાસ કાયમ પ્રસરતી રહે છે.

# સમજણ એ જ નારાયણ

''અનહદ વાગે નાદ કબીરા,
નીંદરમાંથી જાગ કબીરા,
બાહરની સંકેલી ચાદર
ભીતર ભીતર વ્યાપ કબીરા''
– પંકજ ચૌહાણ 'કમલ'

આકાશવાણી રાજકોટનાં ખૂબ જ જાણીતા ભજન ગાયક મનુભાઈ ચૌહાણ(મનુભાઈ જસદણવાળા)નાં સુપુત્ર કવિ પંકજ ચૌહાણ ગઝલ ક્ષેત્રે ઉભરતું અને આશાસ્પદ નામ છે. અમરેલીમાં કે જિલ્લાનાં વિસ્તારમાં સાહિત્યની કોઈપણ પ્રવૃત્તિ વખતે વીરનગરથી તેમની હાજરી જ તેમની ગુજરાતી ભાષા પ્રત્યેનો લગાવ દર્શાવે છે. આટલું લાંબુ અંતર કાપીને પણ કાયમ હાજર રહેવું એ પંકજભાઈનો ભાષાપ્રેમ પ્રગટ કરે છે. ગઝલક્ષેત્રે તેઓ ઘણાં સમયથી કાર્યરત છે, અને હાલમાં જ તેમના ગઝલ સંગ્રહ ' સ્પર્શ ફૂલોનો'નું પ્રાગટય થયું છે. વ્યવસાયે હેલ્થમાં આંખ વિભાગમાં



યોગેશ ભટ્ટ
(બી.એ.એલ.એલ.બી.)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી

કાર્યરત આ યુવાકવિને ભાવકની નસ પકડવા અને પારખવાની વિશેષ કોઠાસૂઝ પણ હસ્તગત છે !! મિલનસાર સ્વભાવનાં માલિક આ કવિનાં સંગ્રહ 'સ્પર્શ ફૂલોનો''માંથી જયારે ભાવક, વાંચક પસાર થાય ત્યારે તેને આ વાતની ચોક્કસ પ્રગતિ થાય છે. તેમના સંગ્રહમાંથી જ એક સુંદર ગઝલનાં શેર માણીએ તો કવિ લખે છે કે, ''અનહદ વાગે નાદ કબીરા નીંદરમાંથી જાગ કબીરા.''

કબીરા શબ્દને લઈને કવિ જાતને અને સાથોસાથ જગતને પણ સંદેશ આપે છે કે આપણી ચારેબાજુ અનહદનો નાદ વાગી રહ્યો છે, ત્યારે એ નાદને સાંભળી, હવે નીંદરમાંથી જાગી જવું (ગફલતોમાંથી નીકળી જવું) જ જરૂરી છે. તો જીવનનો મર્મ બહુ હળવાશથી પણ માર્મિક રીતે ઉજાગર કરતા આ કવિ લખે કે : ' ' જ ર , જોરૂ, જીવનને જોબન, આપી જાશે થાય કબીરા' માનવજાતને માયાનાં ગળચટ્ટા બંધનો, વળગણોમાંથી મૂકત થવા, જાગૃત થવા કવિ લખે કે : ''હાથ ન લાગે એવી ઉડી, ઈચ્છાઓને દાટ કબીરા''

ગુજરાતી ગઝલમાં 'કબીરા' શબ્દનાં માધ્યમથી ઘણી સુંદર રચનાઓ થઈ છે, ત્યારે પંકજ ચૌહાણને અભિનંદન

# અમરેલીમાં વિદ્યાસભા ખાતે પ્રજાસત્તાકદિને તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરાયું



અમરેલી : શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ ખાતે સ્પોર્ટસ ક્ષેત્રે સ્કુલ–કોલેજનાં રાજય કક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ મેડલ પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓ તેમજ ચાર્ટડ એકાઉન્ટ અને ડોકટરી પદવી મેળવેલ વિદ્યાર્થીઓનું ૨૬ જાન્યુઆરી પ્રજાસતાક પર્વ નિમિતે ઈફકોનાં ચેરમેન દિલીપભાઈ સંઘાણી, લોકાયુકત ત્રિલોચન પ્રધાન (IAS) તથા મીસીસ, પ્રધાન, સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈા ગજેરા, ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા, ટ્રસ્ટી ચતુરભાઈ કાલસરીયા, મનિષભાઈ સંઘાણી, સાગરભાઈ ગજેરા તથા જાનવીબેન ગજેરા, પુર્વકૃષિ મંત્રી બેચરભાઈ ભાદાણી, મંત્રી ચતુરભાઈ ખુંટ, ડાયરેકટર વસંતભાઈ પેથાણી તેમજ મંચસ્થ તમામ મહાનુભાવોના વરદ હસ્તે સંસ્થા એન સમગ્ર રાજયને ગૌરવ અપાયેલ વિદ્યાર્થીઓનું મેડલ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. અને હજુ પણ આગળ સિધ્ધીઓ પ્રાપ્ત કરે તેવી શુભેચ્છાઓ આપેલ હતી. રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ કુલ – ૧૭૨ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ વર્ષે રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ મેડલમાં શ્રીમતી એસ.એચ.ગજેરા કેમ્પસનો દબદબો છે. જે માટે તમામ સ્ટાફ – સ્ટુડન્ટસને સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરા દ્વારા અભિનંદન આપવામાં આવ્યા હતા.

પાના ૧ ઉપરનું ચાલું
## ખાતામાંથી ૧.૦૯ લાખ ઉપડી ગયા

મોબાઈલ ફોનમાં મારી એસબીઆઈ યોનો એપ્લીકેશનમાંથી એસબીઆઈ બેંક એકાઉન્ટમાંથી મકાન માલિકને યુનિયન બેંક એકાઉન્ટમાં ભાડાનાં રૂપિયા ૮૦૦૦ ટ્રાન્સફર કરતા ભૂલથી તેમના એકાઉન્ટ નંબરનો છેલ્લો એક નંબરના બદલે બીજો નંબર લખાય ગયેલ હોય, જેથી આ ભાડાની રકમ મકાન માલિકના ખાતાની જગ્યાએ બીજા કોઈક અજાણ્યાનાં ખાતામાં નાણાં જતા રહેલ.

બાદ બીજા દીવસે તા.૧૦ ના રોજ તેઓ યુનિયન બેંક, અમરેલી અને એસ.બી.આઈ.બેંક ધારી ખાતે રૂબરૂજઈ ને આ ભૂલથી થયેલ ખોટા ટ્રાન્જેક્શનને રીવર્સલ કરવા માટે અરજી આપી દીધેલ હતી.ત્યારે મો.નં.૭૯૭૦૫૨૧૮૭૩ ના ધારક કોઈ અજાણ્યા વ્યકિતએ યુનિયન બેંકનાં કસ્ટમર કેર અધિકારીની ઓળખ આપી વિસમાં લઈ તેઓના મોબાઈલ ફોનમાં લીંક મોકલી અને તેમની પાસે AVVALDESK નામની એપ્લીકેશન ડાઉનલોડ કરાવી લઈ તેમના એસબીઆઈ બેંક એકાઉન્ટમાંથી એસબીઆઈયોનો એપ્લીકેશન મારફત મારી જાણ બહાર બદદાનતથી જુદી જુદી રકમનાં ટ્રાન્જેક્શન કરી રશ્મીકાંતભાઈ મનસુખલાલ જોષીના ખાતામાંથી રૂપિયા ૧,૦૯,૯૧૦ ની રકમ ઉપાડી લઈ અજાણ્યા ઈસમે વિશ્વાસઘાત અને ઠગાઈ કરી ગુન્હો કરેલ છે. જેથી આરોપીના મો.નં. ૭૯૭૦૫૨૧૮૭૩ના ધારક તથા તપાસમાં જે ખુલ્લે તે તમામ વિરૂધ્ધ સાયબર ક્રાઈમ પોલીસમાં રશ્મીકાંતભાઈ મનસુખલાલ જોષીએ ફરિયાદ નોંધાવતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## અવસાન નોધ

**અમરેલી :** ઔદિચ્ય સહસ્ત્ર ચિભડીયા બ્રહ્મસમાજ અમરેલી (મુળ ગામ ગોંડલ)ના અ.સૌ.પ્રફુલાબેન મહેશભાઈ ભટ્ટ (ઉ.વ.૫૯)તે મહેશભાઈ ાઉમીયાશંકર ભટ્ટના ધર્મપત્ની તથા અનંતરાય ઉમીયાશંકર ભટ્ટનાં નાનાભાઈનાં ાધર્મપત્ની તથા નિશાંતભાઈ, કોમલબહેન ચેતનકુમાર ઠાકર (ગાંધીનગર) વિભાબહેન ધવલકુમાર ભટ્ટ (અમરેલી) ના માતૃશ્રી તથા કમલેશભાઈ એ.ભટ્ટ (કોડીનાર)ના કાકી તેમજ સ્વ. મગનલાલ બાલાશંકર ઠાકર (દલખાણીયા) ના પુત્રી તથા બકુલભાઈ, રસિકભાઈ, સ્વ.અનિલભાઈના બહેનનું તા. ૨૭/૧/૨૦૨૪ શનિવારના રોજ અવસાન થયેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૭૦ | ૧૨૧૮ |
| ૨ | શિંગ મોટી | ૯૨૦ | ૧૪૨૦ |
| ૩ | શિંગદાણા | ૧૧૫૦ | ૧૭૬૦ |
| ૪ | તલ સફેદ | ૧૬૫૦ | ૩૨૭૨ |
| ૫ | તલ કાળા | ૨૩૫૪ | ૩૧૪૫ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૩૦૦ | ૪૧૬૫ |
| ૭ | બાજરો | ૪૫૦ | ૫૨૬ |
| ૮ | જુવાર | ૭૦૦ | ૮૮૫ |
| ૯ | ઘંઉ ટુકડા | ૪૯૭ | ૬૩૨ |
| ૧૦ | ઘઉં લોકવન | ૫૦૫ | ૫૯૯ |
| ૧૧ | મગ | ૧૭૧૦ | ૧૭૧૦ |
| ૧૨ | ચણા | ૮૮૫ | ૧૧૩૨ |
| ૧૩ | તુવેર | ૧૩૫૫ | ૨૦૭૫ |
| ૧૪ | કપાસ | ૧૦૬૦ | ૧૪૪૪ |
| ૧૫ | એરંડા | ૧૧૧૮ | ૧૧૨૬ |
| ૧૬ | રાયડો | ૯૦૧ | ૯૫૦ |
| ૧૭ | ધાણા | ૯૦૦ | ૧૨૩૦ |
| ૧૮ | ધાણી | ૧૫૭૦ | ૧૫૭૦ |
| ૧૯ | અજમા | ૧૦૮૦ | ૨૧૭૫ |
| ૨૦ | સોયાબીન | ૭૦૦ | ૮૮૭ |
| ૨૧ | મરચા લાંબા | ૧૦૦૦ | ૩૬૪૦ |

પાના ૮ ઉપરનું ચાલું
## લાઠીનાં કલાપીપાર્કમાં રહેતાં

૧,૫૦,૦૦૦ની અને ચલાવી તેમાં વિદેશી દારૂની રીંગપેક ૭૫૦ મી.લી.ની પ્લાસ્ટીકની બોટલ નંગ–૨૭ કિંમત રૂા. ૬૭૫૦ તથા બીજી બ્રાન્ડની રીંગપેક ૭૫૦ મી.લી.ની પ્લાસ્ટીકની બોટલ નંગ–૩૦ કિંમત રૂા. ૭૨૦૦ તથા એક કાળા કલરનો ટચ સ્ક્રીન મોબાઈલ ફોન કિંમત રૂા. ૧૦,૦૦૦ મળી કુલ રૂા. ૧,૭૩,૯૫૦નો પ્રોહી મુદ્દામાલ પોતાના કબ્જા ભોગવટાવાળી ફોર વ્હીલમાં રાખી હેરફેર કરતા મળી આવી પકડાઈ જઈ ગુન્હો કરતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું
## રાજુલા પંથકમાંથી થતી લાકડાની ચોરી

દરમ્યાન બાયપાસ રોડ રાજુલા પરથી પાસ પરમીટ વિનાના લાકડા ભરેલ ૨ ટ્રકને પૂછપરછ કરી અટકાવતા પાસ પરમીટ વિનાનો આશરે ૨૦ ટન લીંમડાનો જથ્થો ઝડપી પાડયો છે. ગાડી ન. જીજે–૧૩ ૮૮૯૯ આરોપી મહમદ અબુભાઈ ગામ ટીંબી અને ગોહિલ ભરત ગામ સામતેર, તા. ઉના તેમજ બીજી ગાડી ન. જીજે–૦૧ સીવી ૦૦૦૯ના આરોપી રાઠોડ ભરત ગામ સામતેર, આરોપી સોલંકી વિક્રમ જીણાની અટકાયત કરી મુદ્દામાલ સાથે પકડી પાડી ભારતીય વન અધિનિયમ૧૯૨૭ મુજબ ગુન્હો નોંધી વાહન ડિટેઈન કરી અને મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

સાથે સાથે વનીકરણ રેન્જ રાજુલાએ દેશી બાવળ ભરેલો બોલેરો ઝડપી પાડયો તેમજ દેશી બાવળના લાકડા ભરેલ બોલેરો કેમ્પરને પૂછપરછ કરી અટકાવતા પાસ પરમીટ વિનાનો આશરે ૨ ટન દેશી બાવળનો જથ્થો ઝડપી પાડી ભારતીય વન અધિનિયમ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૪૦ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૮૦૫ | ૯૨૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૧૫૦ | ૧૪૬૯ |
| ૨ | મગફળી | ૧૧૬૭ | ૧૩૧૩ |
| ૩ | તલ સફેદ | ૨૪૯૦ | ૨૭૫૦ |
| ૪ | તુવેર | ૧૫૪૦ | ૧૯૧૦ |
| ૫ | ઘઉં | ૪૬૯ | ૬૧૧ |
| ૬ | ચણા | ૯૧૮ | ૧૦૪૨ |
| ૭ | સોયાબીન | ૮૪૮ | ૮૯૨ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૨૫૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૫૧ | ૧૩૫૦ |
| ૩ | તલ સફેદ | ૨૫૦૦ | ૨૯૭૯ |
| ૪ | તલ કાળા | ૨૫૫૦ | ૨૭૫૦ |
| ૫ | કપાસ | ૧૨૦૦ | ૧૪૫૦ |
| ૬ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૮૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૨૫ | ૬૨૫ |
| ૮ | બાજરો | ૪૦૦ | ૫૧૨ |
| ૯ | જુવાર | ૭૦૦ | ૯૫૧ |
| ૧૦ | અડદ | ૭૦૦ | ૧૨૦૦ |
| ૧૧ | ચણા | ૮૫૦ | ૧૦૮૨ |
| ૧૨ | સોયાબીન | ૮૦૦ | ૮૭૫ |
| ૧૩ | તુવેર | ૧૬૦૦ | ૨૦૭૨ |
| ૧૪ | એરંડી | ૮૫૦ | ૧૧૦૦ |

પાના ૮ ઉપરનું ચાલું
## સિંહણે ૩ વ્યકિત પર કર્યો હુમલો

કર્મચારીઓ સામે કોઈ પણ વ્યકિત ઉપર સીધો હુમલાનો પ્રયાસ કરતી હતી. કોઈ એક સ્થળ ઉપર બેસતી ન હતી જેના કારણે વનવિભાગને શંકા પડી કે સિંહણ માનસિક સંતુલના ગુમાવી બેઠી હોય શકે. ત્યારે રાજુલા, જાફરાબાદ, લીલીયા, સાવરકુંડલા સહિત ૪ રેન્જના અધિકારીઓ કર્મચારીઓ તૈનાત કર્યા. પોલીસનો બંદોબસ્ત ગોઠવાયો વનવિભાગ દ્વારા લોકોને અપીલ કરી ઘરની બહાર અને સિમ વિસ્તારમાં નહીં રહેવું જયારે આ ઘટના બાદ સિંહણ એકથી બે કિલોમીટરના એરિયામાં હુમલો કરવા માટે દોડતી હતી. વનવિભાગ ચારે તરફથી કોર્ડન કરવામાં આવે બે ભાન કરી ઈન્જેકશન લગાવવાની કોશિષ કરે ત્યારે સિંહણ ભાગતી જતી હોવાના કારણે વનવિભાગના કર્મચારીઓ સવારથી સાંજ સુધી દોડતા જોવા મળ્યા. જયારે સિમ વિસ્તારમાં રહેતા લોકોને વનવિભાગ દ્વારા ગામડામાં સ્થળાંતર કરવામાં આવ્યા અને લોકોમાં ભયનો માહોલ પણ વધ્યો. આ વચ્ચે એક યુવક પર સવારે હુમલો થયો તે વિસ્તારમાં નાનકડુ મંદિર ડેરી હતી ત્યાં શ્રીફળ વધેરવા આવ્યો. આ વચ્ચે સિંહણ ભાગતી ભાગતી યુવક તરફ જતા પંજો મારી હુમલો કર્યો વનવિભાગના કર્મચારીઓ દોડયા અને યુવકને છોડાવ્યો જેના કારણે જીવ બચ્યો હતો.

જયારે ત્રીજા હુમલા બાદ વનવિભાગ એકસનમાં આવ્યું મોટાભાગનો સ્ટાફ કર્મચારીને સિંહણ નજીક બોલાવી ડોકટરે હિંમત કરી જીવના જોખમે ઈન્જેકશન લગાવી સિંહણને દબોચી લીધી. ત્યારબાદ સિંહણને પાંજરે પુરી દેતા વનવિભાગ અને સ્થાનિકોએ રાહતનો ાસ લીધો હતો. સતત દસ કલાકની ભારે જહેમત બાદ આ મેગા ઓપરેશન પૂર્ણ થવા પામેલ.

રાજુલા, જાફરાબાદ, લીલીયા, સાવરકુંડલા રેંજના ઓફિસરો આ કામગીરીમાં જોડાયા હતા જેમાં રાજુલા આર.એફ.ઓ. યોગરાજસિંહ રાઠોડ, એસીએફ જી.એલ. વાઘેલા, આર.એફ.ઓ. ગાલાણી, આર.એફ.ઓ. ચાંદુ અને ટ્રેકરો, ગાર્ડ ફોરેસ્ટર, રેન્જ ફોરેસ્ટર, ઓફિસરો, એસીએફ સહિત અધિકારીઓ દ્વારા ૧૦ કલાક કરતા વધુ સમય સુધી મેગા ઓપરેશન ચાલ્યું. મોડી સાંજે સિંહણને પકડી પાડવામાં મોટી સફળતા મળી હતી. સ્થાનિકો અને વનવિભાગે આ સિંહણ પકડાય જતા રાહત અનુભવી હતી. હાલમાં સિંહણને પાંજરે પુરી એનિમલ કેર સેન્ટરમાં ખસેડવામાં આવી છે જયાં તેમની હેલ્થ ચકાસણી કરવામાં આવશે, સેમ્પલ લેવામાં આવશે ત્યારબાદ સિંહણને શુ થયું હતું તેની તપાસ કરાશે. ડોકટરો સહિત ૨૦ જેટલી ટુકડીઓની ટીમો બનાવી પુરી મેહનત કરી લોકેશન ટ્રેસ કર્યુ સિંહણ કયાંથી કયાં જઈ રહી છે. ત્યારબાદ અલગ અલગ ટીમો ગોઠવી તેમની ગતિવિધિ ઉપર નજર રાખવામાં આવી હતી. ૮ કલાકની અંદર આ રેસ્કયુ ઓપરેશન પાર પાડયું. સ્થાનિક આસપાસના ગામડાના લોકોએ ખૂબ સારો સહકાર આપ્યો હતો. ગામ લોકો, પ્રજાજનોએ ગભરાવવાની જરૂર નથી તેવું અંતમાં વન વિભાગના અધિકારીઓએ જણાવેલ. જે સિંહણે હુમલો કર્યો તે સિંહણ અમે પકડી લીધી છે તેવું અંત માં જણાવેલ.

આ વિસ્તારની આ પહેલી ઘટના એવી છે જે સતત ૧૦ કલાક આ ઓપરેશન ચાલ્યું અને પોલીસની મદદ પણ લેવામાં આવી હોય. ત્યારે રાજુલા પોલીસની ટીમે પણ સુંદર બંદોબસ્ત આપેલ.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૨ | તલ સફેદ | ૨૪૦૦ | ૨૮૦૦ |
| ૩ | તલ કાળા | ૨૮૫૦ | ૨૮૫૦ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૪૨૪ |
| ૫ | બાજરો | ૪૨૯ | ૫૨૯ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૬૫૦ |
| ૭ | જુવાર | ૬૦૦ | ૧૦૦૦ |
| ૮ | મગ | ૨૩૦૧ | ૨૩૦૧ |
| ૯ | ચોળા | ૫૨૫ | ૬૯૨ |
| ૧૦ | તુવેર | ૧૦૦૧ | ૧૭૫૬ |
| ૧૧ | ચણા | ૯૭૦ | ૧૦૬૬ |
| ૧૨ | સયોાબીન | ૮૦૧ | ૮૩૧ |

પાના ૧ ઉપરનું ચાલું
## બાબરા ખાતે જિલ્લાકક્ષાનાં

આવ્યુ હતુ અને રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવી હતી. આ પ્રસંગે માર્ચ પાસ્ટ અને પોલીસ પરેડ યોજવામાં આવી હતી.

જિલ્લા કલેકટરે જણાવ્યુ કે, લોકોથી, લોકો માટે અને લોકો દ્વારા ચાલતી ગરિમાપૂર્ણ શાસન વ્યવસ્થાથી લોકશાહી ગૌરવવંતી બની છે. વિકાસના ગ્રોથ એન્જિન બનેલા ગુજરાતમાં રાજય સરકારે જન સામાન્ય, ગરીબ, વંચિત, પીડિત, ખેડૂતો, યુવા, મહિલા સહિત તમામ માટે વિવિધ યોજનાઓ અમલી કરી છે. છેવાડાના લાભાર્થી સુધી વિવિધ સરકારી યોજનાઓનો લાભ પહોંચી રહ્યો છે. જિલ્લા કલેકટરે જિલ્લા વહીવટી તંત્ર અને વિવિધ સરકારી કચેરીઓની કામગીરી અને સિદ્ધીઓની વિગતો વિસ્તૃત રીતે જણાવી હતી.

ઉલ્લેખનીય છે કે, જિલ્લાના તમામ બંદરો પર માછીમારો માટે ગત વર્ષે ૩૨.૩૧ લાખ મેટ્રિક ટન મત્સ્ય ઉત્પાદન થયું છે. જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન તંત્ર દ્વારા સફળ કામગીરી કરવામાં આવી છે. ૧ લાખથી વધુ પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું છે. જિલ્લાના ૩,૧૪૦ તીવ્ર દિવ્યાંગોને રોજગારલક્ષી સહાય ચૂકવવામાં આવી છે. અમરેલી જિલ્લો ખેતીપ્રધાન જિલ્લો છે, જિલ્લાના ૨,૩૦,૯૧૫ ખેડૂત લાભાર્થી પરિવારને અંદાજે રૂા. ૪૮૧ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. અનેકવિધ ગુનાઓનો ભેદ ઉકેલવા માટે જિલ્લા પોલીસ તંત્રએ સતત કામગીરી કરી છે, સુરક્ષા વ્યવસ્થા બાબતે પણ કામગીરી સફળ રીતે કરવામાં આવી છે. પીએમ–જનમન અંતર્ગત જિલ્લાના આદિમ જૂથના નાગરિકોને પણ વિવિધ સહાય ચૂકવવામાં આવી છે. અમરેલી એ.આર.ટી.ઓ. દ્વારા ટ્રાફિક અવેરનેસ માટે અભિયાન સ્વરૂપે કામગીરી હાથ ધરવામાં આવી છે.

કાર્યક્રમમાં લાઠી–બાબરાના ધારાસભ્ય જનકભાઈ સહિતના પદાધિકારીઓ અને અધિકારીઓના હસ્તે જિલ્લાની જુદી–જુદી કચેરીઓમાં ફરજ બજાવી ઉત્કૃષ્ટ કામગીરી કરતા અધિકારીઓ અને કર્મચારીગણનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં શ્રેષ્ઠ પરેડ, ટેબ્લો, સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ કરનાર જૂથને પ્રમાણપત્ર અને એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. જિલ્લા કલેકટરના હસ્તે લાઠી–બાબરા પ્રાંત અધિકારીને બાબરા તાલુકાના વિકાસ માટે રૂા. ૨૫ લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ પૂર્ણ થયે મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતુ.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, આત્મા પ્રોજેકટ, જિલ્લા મહિલા અને બાળ કલ્યાણ, આઈસીડીએસ, શિક્ષણ, સામાજિક વનીકરણ, આરોગ્ય, ૧૦૮ સેવા, ખિલખિલાટ, સખી વન સ્ટોપ સેન્ટર, આત્મા સહિતની કામગીરીની ઝાંખી કરાવતા ટેબ્લોનું નિદર્શન પણ આ પ્રસંગે કરવામાં આવ્યું હતું. કલેકટરે બાબરાના વતની અને સ્વાતંત્ર્ય સેનાની ઉમંગરાય છાટબારનું સુતરની આંટી દ્વારા સન્માન કર્યુ હતુ. વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃત્તિક કૃતિઓ રજૂ કરવામાં આવતા તેમને પુરસ્કારોથી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત ડ્રોન–દીદી અંતર્ગત તાલીમ પ્રાપ્ત કરેલ તાલીમાર્થીએ ડ્રોન ઉડાડીને ડ્રોનનું નિદર્શન કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ રીતે સંચાલન પ્રકાશ જોષીએ કર્યુ હતુ.

જિલ્લા કક્ષાના ૭૫ માં પ્રજાસત્તાક પર્વ ઉજવણી કાર્યક્રમમાં લાઠી–બાબરા વિસ્તારના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, તાલુકા પંચાયત પ્રમુખ અને સદસ્યો, પદાધિકારીઓ, જિલ્લા વિકાસ અધિકારી દિનેશ ગુરવ, જિલ્લા પોલીસ અધિક્ષક હિમકર સિંઘ, લાઠી– બાબરાના પ્રાંત અધિકારી સહિત વિવિધ કચેરીઓના અધિકારીઓ અને કર્મચારીઓ સહિત મહાનુભાવો, વિદ્યાર્થીગણ તેમજ નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૮૯ | ૧૪૪૧ |
| ૨ | મગફળી | ૧૨૭૫ | ૧૨૮૧ |
| ૩ | બાજરો | ૪૭૦ | ૪૭૦ |
| ૪ | તુવેર | ૧૮૦૨ | ૧૦૧૩ |
| ૫ | સોયાબીન | ૮૫૬ | ૮૫૬ |
| ૬ | ઘઉં | ૫૨૫ | ૫૨૫ |
| ૭ | એરંડા | ૧૦૭૫ | ૧૦૭૫ |

### રાજયનાં મિડીયા જગતને ન પુરી શકાય તેવી ખોટ પડી

# રાજુલા : સમગ્ર ગુજરાતનાં જાણીતા પત્રકાર અને રાજકીય વિશ્લેષક દિલીપભાઈ ગોહિલનું નિધન થયું

## રાજુલા ખાતે સદ્‌ગતની અંતિમયાત્રા યોજાઈ

રાજુલા, તા. ૨૭

રાજુલા શહેરના રહેવાસી અને વરિષ્ઠ પત્રકાર, રાજકીય વિશ્લેષક ગુજરાતની ચૂંટણીઓમાં મહત્વપૂર્ણ તેમનું વિશ્લેષણ હોય છે તે દિલીપભાઈ ગોહિલની ટૂંકી બીમારીના કારણે ભાવનગર હોસ્પિટલમાં સારવાર દરમ્યાન તેમનું દુઃખદ અવસાન થતાં ગુજરાતમાં પત્રકારત્વ જગતમાં શોકનો માહોલ ભારે ખોટ પડી છે અવસાન થયા બાદ વતન રાજુલા શહેરમાં છતડીયા રોડ ઉપર



આવેલ સવિતાનગર વિસ્તારમાંથી તેમની અંતિમયાત્રા નીકળી અને અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા અને સમગ્ર આહીર સમાજમાં ભારે શોક છવાયો હતો. દિલીપભાઈ ગોહિલ અમદાવાદ રાજકોટ મુંબઈ સહિત વિસ્તારોમાં પત્રકારત્વ ક્ષેત્ર ફરજ બજાવતા હતા પ્રિન્ટથી લઈ પ્રદર્શિક ચેનલોમાં કામ કરી ચુકયા છે તેમનુ વિશ્લેષક પણ ઘણું મહત્વનું હતું. જેના કારણે જાણીતા પત્રકાર હતા અને રાજુલા શહેરના રેહવાસી હતા એક તટસ્થ પત્રકાર તરીકેની ઓળખ હતી

### યુથ ડેવલપમેન્ટ માટે કરશે કામગીરી

# અમરેલી જિલ્લા યુથ એડવાઈઝરી કમિટીનાં મેમ્બર તરીકે સોની ધામેલિયા

## યુવા સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા જાહેરાત

અમરેલી, તા. ૨૭

ભારત સરકારના યુવા સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા અમરેલી જિલ્લા ડિસ્ટ્રિક્ટ એડવાઈઝરી કમિટીના મેમ્બર તરીકે સોની ધામેલીયાની વરણી કરવામાં આવી છે.

ભારત સરકારના યુવા અને સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા નહેરૂ યુવા કેન્દ્ર અંતર્ગત અમરેલી જિલ્લામાં ડિસ્ટ્રિકટ યુથ એડવાઈઝરી કમિટીના સભ્ય તરીકે અમરેલી જિલ્લાના લાપાળીયા ગામના સોની દકુભાઈ ધામેલીયાની વરણી કરવામાં આવી છે. ડિસ્ટ્રિક્ટ યુથ એડવાઈઝરી કમિટીના સભ્ય તરીકે તેમના દ્વારા અમરેલી જિલ્લામાં યુવાનોના ડેવલોપમેન્ટ માટે યુવાનોને જરૂરી માર્ગદર્શન આપવામાં આવશે. યુવાનોના જીવનમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે. આનાથી યુવાનો સમુદાય સાથે જોડાઈ શકશે,



વિકાસલક્ષી કાર્યોમાં ભાગ લઈ શકશે અને નેતૃત્વ કૌશલ્ય પણ વિકસાવશે. સલાહ માર્ગદર્શન અને નવું પરિપ્રેક્ષ્ય પ્રદાન કરશે. તેમની આ વરણીને વિવિધ આગેવાનો દ્વારા આવકારવામાં આવી રહી છે.

### લુહાર ચોકમાં આવેલ સ્વામીનારાયણ હોસ્પિટલની ઘટના

# ઉનાની ખાનગી હોસ્પિટલમાં લિફ્ટ બંધ હોવાને લઈ સ્ટાફ અને દર્દીનાં પરિવાર વચ્ચે બોલાચાલી

## દર્દીનાં પરિવારે સ્ટાફને માર મારતા પોલીસ ફરિયાદ નોંધાઈ

ઉના, તા. ૨૭

ઉનાનાં લુહાર ચોકમાં આવેલ સ્વામીનારાયણ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલ દર્દી અને તેના પરિવાર સારવાર પૂર્ણ થયા બાદ ઘરે જઈ રહેલ હોય ત્યારે સ્વામીનારાયણ હોસ્પિટલની લિફટ બંધ હાલતમાં હોય ત્યારે દર્દીનાં પરિવારનાં નદીમ શેખ સહિતનાઓ હોસ્પિટલમાંથી રજા લઈ ઘરે જઈ રહેલ હોય ત્યારે નદીમે હોસ્પિટલમાં નોકરી પૂર્ણ કરી જઈ રહેલ સ્ટાફને રોકી કહેવા લાગેલ કે તમે હોસ્પિટલમાં પૈસા વધારે લ્યો છો અને લિફટ ચાલુ નથી રાખતા જેથી હોસ્પિટલનાં સ્ટાફે ટેકનિકલ ખામી હોવાથી લિફટ બંધ હોવાનું જણાવતા



તસ્વીર : ધર્મેશ જેઠવા-ઉના.

નદીમ શેખ એકદમ ઉશ્કેરાઈ જઈ અપશબ્દ બોલવા લાગતા સ્ટાફે અપશબ્દ બોલવાની ના પાડતા નદીમ શેખ સહિતનાઓએ હોસ્પિટલનાં સ્ટાફનાં યુવકને ધક્કો મારી માથું દીવાલમાં અથડાવતા યુવકને માથાનાં ભાગે ઈજાઓ થતાં સારવાર અર્થે ખસેડાતા સ્ટાફનાં યુવકને મારનાર નદીમ શેખ તેમના સંબંધી તથા અજાણ્યા ઈસમો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

# અમરેલી : માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજનું બીએ.સેમ.૦૩નું ઉજજવળ પરિણામ







અમરેલી, તા.૨૭

અમરેલી શહેરની મધ્યમાં, ચિતલ રોડ ઉપર છેલ્લા ૩૨ વર્ષથી કાર્યરત, શિક્ષણક્ષેત્રે તથા સામાજીક સેવાનાં ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદાન કરતી, એકમાત્ર ગ્રાન્ટેડ માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજ, અમરેલીમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા ઓકટોબર - ૨૦૨૩માં આયોજીત બી.એ.સેમ.૦૩ ની પરિક્ષામાં પ્રથમ માળવી મનસી દિનેશભાઈ, દ્વિતીય - બોરીચા ભુમિકા ધનજીભાઈ, તૃતીય - નિમાવત ગાયત્રી દિલીપભાઈ, કુલ પાસ થયેલ ૧૧૭ માંથી ૧૦૪ વિદ્યાર્થીનીઓએ ફર્સ્ટ કલાસ અને ડિસ્ટીંકશન મેળવીને સંસ્થાને વિશેષ ગૌરવ પ્રાપ્ત કરાવ્યું છે. ઉર્તીણ થનાર તમામને ।તથા વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરનાર પ્રથમ ત્રણ નંબર મેળવનાર વિદ્યાર્થીનીઓને અમરેલી જિલ્લા વિદ્યાસભાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી કિશોરભાઈ મહેતા, મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખુંટ તથા કેમ્પસ ડાયરેકટર વી.એલ. પેથાણી, ઈન્ચાર્જ આચાર્ય ડો.બી.આર.ચુડાસમા તથા સમગ્ર સ્ટાફ પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે.

# લીલીયા પીએસઆઈ એસ.આર. ગોહિલને કલેકટર દ્વારા પ્રશંસા પત્ર આપી સન્માનિત કરાયા



લીલીયા, તા. ૨૭

લીલીયા મોટાના પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા નીડર અને બાહોશ પીએસઆઈને બાબરા ખાતે યોજાયેલ ૭૫ માં સ્વાતંત્રપર્વની ઉજવણીમાં પીએસઆઈ એસ.આર.ગોહિલની સુંદર કામગીરી જેવી કે લીલીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ડુપ્લીકેટ ઘી કે જે ૨૩ લાખના મુદ્દામાલ સાથે આરોપીઓને ગણતરીની કલાકોમાં ઝડપી પાડી કાયદાનું ભાન કરાવવામાં આવેલ. તેવી જ રીતે લીલીયા વિસ્તારમાં ગેરકાયદેસર પ્રવૃતિ કરતા આવારા અને લુખ્ખા તત્વોને અવારનવાર પકડી તેઓ વિઢદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી અને કાયદાનું ભાન કરાવતા અને અસામાજિક અને લુખ્ખા તત્વોમાં ફફડાટ ફેલાઈ ગયેલ હોય અને તમામ ગુનેગારો ઉપર ચાપતી નજર રાખી અવારનવાર ગેરકાયદેસર પ્રવૃતિ કરતા ઈસમોને ચેક કરી તેના વિઢદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી કાયદાનું ભાન કરાવતા હોવાથી પીએસઆઈને સુંદર કામગીરી બદલ કલેકટર અમરેલીના વરદ્ હસ્તે બાબરા ખાતે ૭૫ માં ગણતંત્ર પર્વની ઉજવણી અંતર્ગત પ્રશંસાપત્ર આપી સન્માનિત કરાયા. આ પ્રસંગે લીલીયા પોલીસ સ્ટેશનનું નામ રોશન કરતા લીલીયા પોલીસ પરિવારમાં આનંદની લાગણી છવાઈ ગયેલ છે. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### બેફામ ગતીએ દોડતાં વાહનો યમદૂત બન્યા

# ઉનાનાં વેરાવળ માર્ગ પર પથ્થર ભરેલ ટ્રેક્ટર ચાલકે હડફેટે લેતા બાઈક ચાલક વૃદ્ધનું મોત

## સ્થાનિક પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી

ઉના, તા. ૨૭

ઉનાના દેલવાડા રોડ પર રહેતા જેન્તીભાઈ પરમાર તથા પૌત્રી સહિતનાઓ બાઈક પર બેસી વેરાવળ રોડ પર આવેલ સ્વામી વિવેકાનંદ સોસાયટી તરફ જઈ રહેલ હોય ત્યારે આનંદવાડી શાળ પાસે પહોંચતા શાલોજ ગામ તરફથી પુર ઝડપે આવી રહેલ પથ્થર ભરેલ ટ્રેકટર નંબર જીજે ૧૨ ડીએ ૩૭૪૬ નાં ચાલકે બેફામ રીતે ટ્રેકટરને ચલાવી જીજે ૨૭ બીકે ૮૦૩૧ ના ચાલક જયંતીભાઈ પરમાર તથા પૌત્રી સહિતનાઓને હડફેટે લેતા બાઈક ચાલક જેન્તીભાઈ પરમાર રહે. દેલવાડા રોડ જલારામ પાર્ક સોસાયટી તા. ઉના વાળાઓને ગંભીર ઈજાઓ થતાં સારવાર અર્થે ખસેડાતા મોત



તસ્વીર : ધર્મેશ જેઠવા-ઉના.

નીપજયું હતું. જયારે બાઈકમાં સવાર પૌત્રી સહિતનાઓને ઈજાઓ થતાં હોસ્પિટલ ખાતે ખસેડાતા અકસ્માત સર્જનાર ટ્રેકટર ચાલક ટ્રેકટર મુકી નાસી જતાં પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

### ખરાબ રસ્તાનાં કારણે બાઈક સ્લીપ થઈ

# સાવરકુંડલા : આંબરડી-કૃષ્ણગઢ માર્ગ પર બાઈક સવારનો ગંભીર અકસ્માત સર્જાયો

## બાઈક ચાલક રોડ પર પટકાતા માથાના ભાગે ગંભીર ઈજા

આંબરડી, તા. ૨૭

સાવરકુંડલાના આંબરડી થી કૃષ્ણગઢ જવાના માર્ગ પર સાંજના સમયે એક પર પ્રાંતીય મજૂરની બાઈક ખાડા ખરબચડા માર્ગને કારણે બાઈક સ્લીપ થઈ જતાં શ્રમિક રોડ પર પટકાતા માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

કૃષ્ણગઢ ગામના ખેડૂતની વાડીએ રહી ખેત મજૂરી કરતો મધ્યપ્રદેશનો યુવક સાંજના સમયે આંબરડી ગામેથી હટાણું કરી પરત ફરતી વેળાએ અભરપરાના પાટિયા નજીક બાઈક સ્લીપ થઈ જતાં શ્રમિક રોડ પર પટકાતા માથાના ભાગે ગંભીર રીતે લોહી લુહાણ હાલતમાં રોડ પર પડેલો જોવા મળતા ગામના માનવતાવાદી સ્થાનિક યુવાનો દ્વારા રોડ વચ્ચેથી ઉપાડી સાઈડમાં ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી હાલ સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે સાવરકુંડલાના આંબરડી-કૃષ્ણગઢ હતો સિંગલ પટ્ટી રોડ અતિ બિસ્માર બની જતા વાડીએ જતાં આવતા ખેડૂતો અને રાહદારીઓ આ અતિ બિસ્માર બની ગયેલા માર્ગ પર ચાલવા મજબૂર બની ગયા છે. ત્રણેક કિ.મી.નો આ માર્ગ પર કોઈ જીવલેણ ઘટના ઘટે તે પહેલાં માર્ગની જો તાત્કાલિક મરામત કરવામાં આવે તો કેટલાય અકસ્માતો થતા અને જીવ જતાં અટકી શકે તેમ છે. તેવી આંબરડી, કૃષ્ણગઢ તેમજ અભરામપરા ગામના ખેડૂતો અને રાહદારીઓ દ્વારા તીવ્ર માંગ ઉઠવા પામી છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ-મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ-મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

### સતત માર્ગ અકસ્માતની ઘટના

# ઉનાનાં પાલડી ગામની ધાર્મિક જગ્યા નજીક બાઈક અને રીક્ષા વચ્ચે અકસ્માત

## એક યુવકને ઈજા થતાં સારવારમાં ખસેડાયા

ઉના, તા.૨૭

ઉનાના વાંસોજ ગામ તરફથી તડ ગામ તરફ જતા રોડ પર નાના - મોટા અકસ્માતો થતા રહે છે ત્યારે પાલડી ગામના બસ સ્ટેશન પાસેની ધાર્મિક જગ્યા પાસેના ભાગે લાકડા ભરેલ જીટીપી ૪૯ ૩૭ નંબરની રિક્ષાના ચાલકે બાઈક નં જીજે ૩૨ એઝેડ ૧૨૧૫ નં ની બાઈકના ચાલક હરેશ ભાઈ રાજા ભાઈ દમણિયા રહે. ઓલવાણ, તા.ઉના વાળાઓને અડફેટે લઈ હાથ પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડતા અકસ્માત સર્જનાર છકડો રીક્ષા ચાલક કમલેશ બાબુ ચૌહાણ, રહે.નાંદણ,તા.ઉના વાળાઓ વિરૂદ્ધ ઈજા પામનાર હરેશ ભાઈએ ફરિયાદ નોંધાવતા નવાબંદર પોલીસે ગુન્હો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

# અમરેલી : નીલકંઠ જવેલર્સમાં ૨૬મી જાન્યુઆરી પર્વની થયેલ ઉજવણી









૭૫ માં ગણત્રંતના મંગલ પર્વ પર સમસ્ત અમરેલી જિલ્લામાં જવેલરી વ્યવસાયમાં આગવું સ્થાન ધરાવતા નીલકંઠ જવેલર્સ માણેકપરા વિસ્તારમાં ૨૬મી જાન્યુઆરી પ્રજાસતાક પર્વની દર વર્ષની જેમ ધમાકેદાર ધામ-ધુમથી ઉજવણી કરવામાં આવી હતી.। સમગ્ર શોરૂમને વિવિધ થીમ દ્વારા અને ત્રિરંગી ફુગ્ગાઓ અને ધ્વજથી સુશોભિત કરવામાં આવ્યો હતો. સવારથી દેશભકિતના ગીતોથી સમગ્ર વાતવરણ ગુંજી ઉઠયું હતું.આ પર્વની ઉજવણીમાં સહભાગી થવા આમંત્રિત મહેમાનોઓ વેપારીઓ ડોકટરઓ તેમજ સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓના પ્રતિનિધીઓ તેમજ ગ્રાહકોએ વિશેષ ઉપસ્થિતી અને સમય આપી રાષ્ટ્રપ્રેમ પ્રગટ કર્યો હતો. તેમજ મુકબધીર શાળાનાં બાળકો અને બાલિકાઓ પણ આ ઉજવણીમાં સહભાગી થયા હતા. પધારેલ સર્વ લોકોને પુષ્પગુચ્છ તેમજ રાષ્ટ્ર ધ્વજનાં બ્રોચ અપર્ણ કરી મોં મીઠા કરાવી આ મંગલ પર્વની હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. નીલકંઠ જવેલર્સના ઓના કેતનભાઈ તેમજ પ્રકાશભાઈએ નીલકંઠ જવેલર્સ પરિવાર તરફથી સમગ્ર દેશવાસીઓને ૨૬મી જાન્યુઆરી ગણતંત્ર પર્વની હાર્દિક શુભકામનાઓ પાઠવી રાષ્ટ્ર પ્રેમ પ્રગટ કર્યો હતો.

## રાજુલાનાં વાવેરા, ભાક્ષી, ધારેશ્વરની સીમમાં દોડધામ મચી ગઈ

# માનસિક સંતુલન ગુમાવી દીધેલ સિંહણે ૩ વ્યકિત પર કર્યો હુમલો

**સવારનાં ૮ વાગ્યે યુવક ઉપર બાદમાં એક મહિલા અને બાદમાં અન્ય એક યુવક પર કર્યો હુમલો**

**સવારથી સાંજ સુધી એક સ્થળે સ્થિર ન રહેતી સિંહણ મહામુસીબતે પાંજરામાં કેદ થઈ**

**વનવિભાગ, પોલીસ સહિતની ટીમે જીવનાં જોખમે સિંહણને ઈન્જેકશન મારી બેભાન કરી**

**સતત ૧૦ કલાક સુધી સિંહણ સમગ્ર તંત્ર અને ગામજનોને દોડાવીને અંતે કેદ થઈ**



રાજુલા, તા. ૨૭

રાજુલા તાલુકાના વાવેરા, ભાક્ષી, ધારેરની સીમમાં સિંહણ માનસિક સંતુલના ગુમાવતા માનવભક્ષી બની ૧ દિવસમાં ૩ વ્યકિત ઉપર હુમલો કર્યો. લોકોના ભય વચ્ચે મોડી સાંજે વનવિભાગે સિંહણને બેભાન કરી પાંજરે પૂરવામાં મોટી સફળતા મળતા સ્થાનિકોએ રાહતનો ાસ લીધો હતો.

રાજુલા તાલુકાના વાવેરા, ધારે૨ સિમ વિસ્તારમાં વાવેરા ગામના વાડી વિસ્તારમાં સવારે ૮ વાગે ૧ યુવક ઉપર પ્રથમ હુમલો કર્યા બાદ બાજુની વાડીમાં એક મહિલા ઉપર હુમલો કર્યો ત્યારબાદ સિંહણ ભાગી બંને ઈજાગ્રસ્ત વ્યકિતઓને રાજુલા હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા અને વનવિભાગ દ્વારા લાઈન એમ્બ્યુલન્સ રેસ્કયુ ટીમ પાંજરા ટાઈન્કયુંલાઈઝ કરવા માટે અલગ અલગ ટીમો બનાવી પરંતુ સિંહણ આક્રમણ હતી વનવિભાગના

(અનુસંધાન પાના ૬ ઉપર)

## અમરેલીની સિવિલ હોસ્પિટલ માર્ગથી ઝડપી લેવાયા

# લાઠીનાં કલાપીપાર્કમાં રહેતાં ચિરાગ ચાવડા નામનાં ઈસમની વિદેશી દારૂ સાથે અટકાયત

**૫૭ બોટલ, મોબાઈલ અને કાર સહિતનો મુદ્દામાલ કબ્જે**

અમરેલી, તા. ૨૭

લાઠી ગામે આવેલ કલાપી પાકમાં રહેતા ચિરાગ અશોકભાઈ ચાવડા ગત તા. ૨૬ના રાત્રે અમરેલી સિવિલ હોસ્પીટલ રોડ ઉપર વગર પાસ પરમીટે કેફી પીણુ પીધેલ હાલતમા પોતાના હવાલાવાળી ફોર વ્હીલ નં. જીજે–૧૧ એબી ૭૩૧૦ કિંમત રૂા.

(અનુસંધાન પાના ૬ ઉપર)


''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જોઇએ છે
અમરેલી એકસપ્રેસ કાર્યાલય માટે નીચેની જગ્યા માટે નિમણુંક કરવાની હોય ઇચ્છુક વ્યકિતઓએ સંપર્ક કરવો.
ઓફિસબોય..............................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે ફકત સ્થાનિક (અમરેલી શહેર)નાં વ્યકિતઓએ સંપર્ક કરવો.
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.


## મકાન માલિકને ભાડા પેટે રૂપિયા ૮ હજાર ચૂકવ્યા બાદ

# અમરેલી જિલ્લાનાં મુખ્ય આરોગ્ય અધિકારીનાં બેન્ક ખાતામાંથી ૧.૦૯ લાખ ઉપડી ગયા

**કોઈ અજાણ્યા વ્યકિતએ એપ્લીકેશન ડાઉનલોડ કરાવી છેતરપીંડી કરી**

અમરેલી તા.

અમરેલીના કેરીયા રોડ ઉપર આવેલ જેટકોની સામે રહેતા અને અમરેલી જિલ્લા પંચાયતમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી તરીકે ફરજ બજાવતા ડો. રશ્મીકાંતભાઈ મનસુખલાલ જોષી ગત તા.૯ ના રોજ પોતે ઘરે હાજર હતા. મકાનનાં માલીક રવજીભાઈ કાબરીયાને મકાન માટે માસીક ભાડા પેટે રૂપિયા ૮૦૦૦ ભાડુ ચુકવવા માટે પોતે પોતાના

(અનુસંધાન પાના ૬ ઉપર)

## ૨ ટ્રક અને ૧ બોલેરો ઝડપી લેવાઈ

# રાજુલા પંથકમાંથી થતી લાકડાની ચોરી સામે વન વિભાગ દ્વારા કાર્યવાહી

**કુદરતી સંપદાની ચોરી સામે કાર્યવાહીથી ફફડાટ**



રાજુલા, તા. ૨૭

રાજુલા ફોરેસ્ટ સ્ટાફના નાઈટ પેટ્રોલિંગ દરમ્યાન બાયપાસ રોડ રાજુલા પર વ્હેલી સવારે ફોરેસ્ટ ઓફિસર એસ.એમ. મકરાણી, વનપાલ જી.આઈ. ધાધલા, ગુલમહંમદ ઝાંખરા સાથે રાજુલા ફોરેસ્ટ સ્ટાફના નાઈટ પેટ્રોલિંગ

(અનુસંધાન પાના ૬ ઉપર)


Sheetal ICE CREAM
WE ARE HIRING!
Job Location : Amreli
MICROBIOLOGIST / CHEMIST
(BSC/MSC) (FEMALE)
DAIRY TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
FOOD TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
SUPERVISOR
(B.A/B.COM) (FEMALE)
WALK-IN TIME
10:00 am to 12:00 pm | 4:00 pm to 6:00 pm
APPLY NOW
+91 9081998018
sheetalhr530@gmail.com
SHEETAL COOL PRODUCTS LIMITED
PLOT NO.75 TO 81, G.I.D.C. ESTATE, AMRELI - 365601.



LG
સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
LG ઈલેકટ્રોનીકસ તથા
હોમ એપ્લાયન્સીસ પ્રોડકટસની
સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એકજ સ્થળે...
સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર

SERVICE SUPPORT
EXCHANGE OFFER
FREE INSTALLATION
EASY EMI AVAILABLE
BAJAJ FINSERV
HDB FINANCIAL SERVICES
RAM ENTERPRISE
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૪૮૪૪ ૫૯૫૪૭



અંતઃકરણ પૂર્વકની શુભકામનાઓ...
આજનાં મંગલ દિને ડો. રાજેશ પરવાડીયા સાહેબની
શિવ હોસ્પિટલ
ના શુભારંભ પ્રસંગે અમોની
અંતઃકરણપૂર્વકની
ખુબ ખુબ શુભકામનાઓ...
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ પરિવાર
: અમરેલી :



હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે
મેડીકલ ઓફીસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
પગાર ધોરણ : ૧૩,૫૦૦/- થી ૧૬,૦૦૦/-
લેડીઝ પર્સન : દિવસ માટે (Day shift)
જેન્ટસ પર્સન : રાત્રી માટે (Night shift)
રિસેપ્સનિસ્ટ - ૧
કમ્પ્યુટર/૧૨ પાસ
પગાર ધોરણ : ૭,૦૦૦/- થી ૮,૦૦૦/-
મેડીકલ સ્ટોર
જેન્ટ્સ પર્સન : દિવસ માટે (Day shift)
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહીં
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.



LG Life's Good.

Celebrating 26 years of
LG TV Republic Day
OLED evo
QNED
Participate in Lucky Draw* & Win LG OLED Posé worth ₹269990 and LG Tone Free worth ₹19990 everyday*
FESTIVE OFFERS*
3 YEAR* WARRANTY
Up to 26%* CASHBACK Max ₹26000*
FIXED EMI Starting from ₹1999*
OLED CIRCLE Get benefits up to ₹50000*
*T&C Apply
LG BEST SHOP
MUKUNDRAI AND BROTHERS
OPP. CAR CARE CENTER, CHAKAR GADH ROAD
AMRELI . 365601
Ph: 9408159606 / 9974772377


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)